બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'
આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ
તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'
માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૭૦ ••• કારતક ••• વર્ષ-૧૦ ••• અંક-૬ ••• સળંગ અંક-૧૧૪ ••• નિઃશૂલ્ક વિતરણ




નૂતન વર્ષના નવલા પ્રભાતે,
તમ જીવન સુખી સમૃદ્ધ બનો.
નવકાર મંત્રના અચિંત્ય પ્રતાપે,
વરદાયી તમે ફલો-ફૂલો.
રત રહો નિત્ય ધર્મ કાર્યોમાં,
સદૈવ કૃપા ઈશની ઉતરો.
નામ તમારું ઉજ્જવલ થાઓ,
સાતત્ય શ્રદ્ધાનું ભળો.
લક્ષ એક જ છે હૃદયમાં,
મુક્તિનો શીઘ્ર મારગ મળો.
બાહુલ્ય માત્ર નવકાર તણું,
રવિ સમ જીવન સાર્થક બનો.
કહેવું છે માત્ર આજે એટલું,
તમ જીવન મંગળમય બનો!
લિ. જયંત 'રાહી'ના નૂતન વર્ષાભિનંદન




## આ અંકના પ્રમુખ શુભ દાતા

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ,
મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧
• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •
શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર
(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)
સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦.
સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ✧ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧



# પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'ના સં. ૨૦૭૦ ના વર્ષના મુંબઈના ચાર જાપ કેન્દ્રોના નવકાર જાપ અનુષ્ઠાનના કાર્યક્રમોની સૂચિ

| ચેમ્બુર (બેસતો મહિનો) | ઘાટકોપર (રવિવાર) | મુલુન્ડ (પુનમ) | પાયધુની (રવિવાર) |
|---|---|---|---|
| કારતક<br>ગુરુવાર તા. ૭-૧૧-૨૦૧૩ | તા. ૧૦-૧૧-૨૦૧૩ | રવિવાર<br>તા. ૧૭-૧૧-૨૦૧૩ | તા. ૧-૧૨-૨૦૧૩ |
| માગશર<br>મંગળવાર, તા. ૩-૧૨-૨૦૧૩ | તા. ૮-૧૨-૨૦૧૩ | મંગળવાર<br>તા. ૧૭-૧૨-૨૦૧૩ | તા. ૨૯-૧૨-૨૦૧૩ |
| પોષ<br>ગુરુવાર, તા. ૨-૧-૨૦૧૪ | તા. ૫-૧-૨૦૧૪ | ગુરુવાર<br>તા. ૧૬-૧-૨૦૧૪ | તા. ૨૬-૧-૨૦૧૪ |
| મહા<br>શુક્રવાર, તા. ૩૧-૧-૨૦૧૪ | તા. ૨-૨-૨૦૧૪ | શુક્રવાર<br>તા. ૧૪-૨-૨૦૧૪ | તા. ૨૩-૨-૨૦૧૪ |
| ફાગણ<br>રવિવાર, તા. ૨-૩-૨૦૧૪ | તા. ૯-૩-૨૦૧૪ | રવિવાર<br>તા. ૧૬-૩-૨૦૧૪ | તા. ૩૦-૩-૨૦૧૪ |
| ચૈત્ર<br>સોમવાર, તા. ૩૧-૩-૨૦૧૪ | તા. ૬-૪-૨૦૧૪ | મંગળવાર<br>તા. ૧૫-૪-૨૦૧૪ | તા. ૨૭-૪-૨૦૧૪ |
| વૈશાખ<br>બુધવાર, તા. ૩૦-૪-૨૦૧૪ | તા. ૪-૫-૨૦૧૪ | બુધવાર<br>તા. ૧૪-૫-૨૦૧૪ | તા. ૨૫-૫-૨૦૧૪ |
| જેઠ<br>ગુરુવાર, તા. ૨૯-૫-૨૦૧૪ | તા. ૧-૬-૨૦૧૪ | શુક્રવાર<br>તા. ૧૩-૬-૨૦૧૪ | તા. ૨૨-૬-૨૦૧૪ |
| અષાઢ<br>શનિવાર, તા. ૨૮-૬-૨૦૧૪ | તા. ૨૯-૬-૨૦૧૪ | શનિવાર<br>તા. ૧૨-૭-૨૦૧૪ | તા. ૨૦-૭-૨૦૧૪ |
| શ્રાવણ<br>રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ | તા. ૩-૮-૨૦૧૪ | રવિવાર<br>તા. ૧૦-૮-૨૦૧૪ | તા. ૧૭-૮-૨૦૧૪ |
| ભાદરવો<br>મંગળવાર, તા. ૨૬-૮-૨૦૧૪ | તા. ૩૧-૮-૨૦૧૪ | મંગળવાર<br>તા. ૯-૯-૨૦૧૪ | તા. ૨૧-૯-૨૦૧૪ |
| આસો<br>ગુરુવાર, તા. ૨૫-૯-૨૦૧૪ | તા. ૨૮-૯-૨૦૧૪ | બુધવાર<br>તા. ૮-૧૦-૨૦૧૪ | તા. ૧૨-૧૦-૨૦૧૪ |

卐 'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો 卐

શ્રી ચીમનલાલ કલાધર
301, શ્રેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઈ-400014. મોબાઈલ : 9819646533

શ્રી સોમચંદ વેલજી લોડાયા (MA OM)
એ/104, સાંઇ કલાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઈ-81.
ફોન : (022) 2163 6399, મોબાઈલ : 9322275440
Email ID : somchand@maom.net

શુભેચ્છક

શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ
અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ

## તંત્રી સ્થાનેથી...



## કાર્તિકી પૂર્ણિમાના મહાન દિવસની ત્રણ ઘટનાઓ તમે જાણો છો ?

આ અંક આપના હાથમાં આવશે ત્યારે આ વર્ષનું ચાતુર્માસ પૂર્ણ થવાના આરે હશે. ચાર મહિના એક જ સ્થાને રહી ચાતુર્માસ કરી રહેલા પૂજ્ય પદ્સ્થ સાધુ-સાધ્વી ભગવંતોની વિહાર યાત્રા કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસથી શરૂ થાય છે. જૈન ધર્મમાં કાર્તિકી પૂર્ણિમાનો ભારે મહિમા ગવાયો છે. આ પવિત્ર દિવસે ત્રિવેણી સંગમરૂપ ત્રણ મહત્વની ઘટનાઓ બને છે.

**(૧) જે સાધુ સાધ્વી ભગવંતો જે ગામમાં જે સ્થળે ચાતુર્માસ રહેલા હોય તેમના ચાતુર્માસ પરિવર્તનનો કાર્યક્રમ આ દિવસે થાય છે.**

**(૨) આપણા તરણતારણ મહાન તીર્થ શ્રી શત્રુંજયની યાત્રાનો આ દિવસથી પ્રારંભ થાય છે અને**

**(૩) આ મહાન દિવસ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જન્મદિન તરીકે સમગ્ર ભારતમાં ઉજવાય છે.**

આપણા સૌના પરમોપકારી સાધુ-સાધ્વી ભગવંતો પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે સ્થિરતા-ચાતુર્માસ કરે છે અને ચાતુર્માસના ચાર મહિનામાં આપણને સૌને સુંદર ધર્મારાધના કરાવી આપણી ધર્મશ્રદ્ધાને વધુ બળવત્તર બનાવવાનું પ્રશસ્ય કાર્ય તેઓ કરે છે. આ દિવસથી તેઓનો વિહારનો ઉપક્રમ શરૂ થાય છે. તેઓ પછી આઠ મહિના વિહાર કરી શકે છે. ચાતુર્માસ પરિવર્તનમાં જે પુણ્યાત્માની પોતાના ઘરે ચાતુર્માસ પરિવર્તન કરવા પધારવાની વિનંતી આવી હોય તેને ચાતુર્માસ રહેલા પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો સ્વીકારે છે અને કારતક સુદ-૧૫ના તેઓ સકલ સંઘ સાથે વાજતે ગાજતે તે સુશ્રાવકને ત્યાં ચાતુર્માસ પરિવર્તન કરવા પધારે છે. ત્યાં તેઓ વ્યાખ્યાનાદિ આપે છે. આ દિવસ કારતક સુદ-૧૫નો હોય પૂજ્યશ્રી શત્રુંજય તીર્થની આરાધના કરાવે છે. અને સુશ્રાવકને ત્યાં પૂજ્યશ્રી આદિ ઠાણા પૂરા દિવસની સ્થિરતા કરે છે. આમ આ ચાતુર્માસ પરિવર્તન કાર્યક્રમ ખૂબ આનંદોલ્લાસથી પૂર્ણ થાય છે.

આ દિવસે કાર્તિકી પૂર્ણિમા હોય શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાનો શુભારંભ થાય છે. ચાતુર્માસના ચાર મહિના બંધ રહેતી શ્રી શત્રુંજય તીર્થની આ યાત્રા આ દિવસે ખુલ્લે છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે જે આત્મા શ્રી શત્રુંજય તીર્થમાં જઇને કાર્તિકી પૂર્ણિમાની આરાધના કરે છે તે આત્મા આ લોકના સર્વ સુખો ભોગવીને અનુક્રમે મોક્ષ સુખને પામે છે. આ દિવસે શત્રુંજય ગિરિરાજ પર શ્રી ઋષભદેવ ભગવાનના પૌત્ર દ્રાવિડ અને વારિખિલ્લ દસ કરોડ મુનિવરો સાથે તથા અઇમુત્તા મુનિ અને નારદજી વગેરે સંખ્યાબંધ મુનિવરો શ્રી શત્રુંજય ગિરિરાજ પર અનશન કરીને મુક્તિપદને વર્યા છે. તેથી આ દિવસે એટલે કે કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાનો મોટો મહિમા છે. જે ભાવિકો આ દિવસે શ્રી શત્રુંજય તીર્થમાં પહોંચી તેની યાત્રાનો લાભ લઇ ન શકે તેમને પણ દર્શનાદિનો લાભ મળે તે માટે દરેક ગામમાં જૈન સંઘ તરફથી શ્રી શત્રુંજય તીર્થનો પટ્ટ મૂકવામાં આવે છે. અને ત્યાં ગામના નાના-મોટા સૌ સ્ત્રી-પુરુષો શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિ-ખમાસમણા-ચૈત્યવંદનાદિ વડે આરાધના કરી આ તીર્થની ભાવયાત્રા કરવાનો લાભ લે છે.

કાર્તિકી પૂર્ણિમાનો દિવસ એટલે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિન. આજથી નવસો વર્ષ પહેલા ગુજરાતના ધંધુકા શહેરમાં જન્મેલા આ મહાન જૈનાચાર્યે જૈન શાસનને ઉદ્યોત કરનારી અનેકાનેક સાહિત્યકૃતિઓની અમર રચના કરવાની સાથે તે વખતના ગુજરાતના રાજાધિરાજ શ્રી સિદ્ધરાજ જયસિંહ અને એ પછી ગુજરાતની ગાદીએ આવેલ મહારાજા કુમારપાળને પ્રતિબોધ કરી જૈન ધર્મની ગરિમા ગગનગામી બનાવી હતી. આવા સમર્થ જૈનાચાર્યના જન્મદિનની ઉજવણી સમગ્ર ભારતના જૈન સંઘોમાં આ દિવસે કરવામાં આવે છે. આમ કાર્તિકી પૂર્ણિમાની ત્રિવેણી સંગમ રૂપ આ ત્રણ ઘટનાઓની વાત સુજ્ઞ વાચકોના હૈયામાં નિત્ય વસી જશે તો અમારું આ લેખનકાર્ય યથાર્થ ગણાશે.

**– ચીમનલાલ કલાધર**

શુભેચ્છક
શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.



# નવકાર મંત્રની આરાધના

## પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

નવકાર મહામંત્ર જેના અંતઃકરણમાં વાસ કરે તેની અંદર પાપરૂપી ક્રિયાઓ આવી શકતી નથી. જે જંગલમાં કેસરી સિંહ હોય ત્યાં હરણીયાં આવી શકતાં નથી, જ્યાં બિલાડી હોય ત્યાં હરણીયા આવી શકે. તેવી જ રીતે નવકારરૂપી સિંહ જ્યાં હોય, ત્યાં પાપરૂપી હરણીયા રહી ન શકે. નવકારનો પ્રભાવ જ એવો છે.

સવ્વપાવપ્પણાસણો પદ જ કહે છે, કે નવકાર એ સર્વ પાપોનો નાશ કરે છે પણ હૃદયમાં સાચી શ્રદ્ધા જોઈએ. તે અચિંત્ય શ્રદ્ધા લાવવા માટે જ નવકારની આરાધના કરવાની છે. હવે આ નવકારની આરાધનાનું સ્વરૂપ અને શ્રી નવકારનો અચિંત્ય પ્રભાવ વગેરે વિષે આપણે વિચારીએ.

આ જગતમાં જેટલું જ્ઞાન ફેલાયું છે, તે શ્રી નવકારના ફૂવારારૂપ છે. આપણે આ વાત સ્વીકારીએ તો છીએ પણ પરોક્ષ રીતે સ્વીકારીએ છીએ. શ્રી નવકારના ગણનારા લાખો છે, પણ તેના પ્રભાવની પ્રગટ પ્રતીતિ થઈ નથી. તે પ્રતીતિ ક્યારે થાય? જ્યારે નવકાર મહામંત્ર પ્રત્યે અચિંત્ય શ્રદ્ધા પ્રગટ થાય, ત્યારે જ તેના પ્રભાવની પ્રતીતિ થાય.

**શ્રી નવકાર મનમાં આવ્યા પછી સઘળી ઈચ્છાઓ પૂરી થાય છે. નવકારથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે અને મોક્ષસુખની પ્રાપ્તિ કરાવનાર શ્રી નવકારથી અન્ય સુખો તો અવશ્ય મળવાનાં જ છે, ફક્ત શ્રદ્ધા જોઈએ. અન્ય સુખો માટે નવકારનું ધ્યાન નથી કરવાનું. ધ્યાન કરવાનું છે મોક્ષપ્રાપ્તિ માટે જ. પણ નવકારનું અચિન્ત્ય સામર્થ્ય તે નવકાર સ્મરણ કરનારના સર્વસંકટ ચૂરે છે, સર્વ વાંછિતને પૂરે છે. આ રીતે તેના પ્રભાવની પ્રતીતિ થાય તો જ નવકાર પ્રત્યે શ્રદ્ધા વધુ દૃઢ બને.**

શ્રી નવકાર સાચા ભાવે હૃદયમાં આવે એટલે બુદ્ધિ ચલિત હોય, તો પણ શુદ્ધ થઈ જાય છે. જે નવકારમાં મુક્તિ આપવાની શક્તિ છે, તે નવકારનું અચિન્ત્ય સામર્થ્ય છે, તે સર્વ ઈચ્છિતોને પૂર્ણ કરે જ છે. કોઈપણ કાર્યમાં શ્રી નવકારમંત્ર સિદ્ધિ ન આપે, તે વાત બને જ નહિ.

શિવકુમારને મહાસંકટમાંથી પાર ઉતારનાર નવકાર મહામંત્ર છે. અમરકુમારને પણ નવકારમંત્રે જ રક્ષણ આપ્યુ છે. શિવકુમાર મહાજુગારી હતો. પિતાએ તેને કહેલું કે મહાસંકટ વખતે નવકારને યાદ કરજે. આ વાત યાદ રાખી તેણે સંકટ સમયે નવકારને ગણ્યો તો તેનું સંકટ દૂર થયું. શિવકુમારની કથા કહે છે કે શ્રી નવકાર ધનના અર્થીને ધન, કામના અર્થીને કામ અને મોક્ષના અર્થીને મોક્ષ આપે છે. આ વાત નવકારના અચિન્ત્ય સામર્થ્ય સૂચવવા માટે કહેલ છે. આમ માનવું એ પાપ નથી પણ મોક્ષ આપનાર પાસે તુચ્છ વસ્તુ માંગવી તે પાપ છે.

**માણસનું મન પોતાની ઈચ્છાની પૂર્તિ ઉપર ખાસ ચોંટી રહે છે. તો કઈ ઈચ્છા રાખવી? શ્રી નવકાર પાસે શું ઈચ્છવું? જ્ઞાની તો કહે છે કે શ્રી નવકાર પાસે મોક્ષની જ માંગણી કરો. શ્રી નવકાર પાસે નવકારના ફળ તરીકે નવકાર માંગવો જોઈએ. બાકીની તમામ ઈચ્છા તો તેનાથી પૂર્ણ થવાની જ છે.**

દરેકના સંકટ એટલે કે મુશ્કેલીઓ જુદા-જુદા પ્રકારની હોય છે. તે વખતે મોક્ષાભિલાષ રહે પણ આવેલું સંકટ નિવારવાની ઈચ્છા થાય જ નહિ તે તો મહાપુરુષ ગણાય. સાચા ભાવથી નવકારમંત્ર ગણનારના સર્વસંકટો દૂર થાય જ છે. તે માટે શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો આવે જ છે. મયણાસુંદરીના વચનથી શ્રીપાળ મહારાજાએ નવપદને સેવ્યાં તો રોગ દૂર થયો, સંપદા પામ્યા અને ઉત્તરોત્તર નવમા ભવે મોક્ષસુખને પ્રાપ્ત કરશે. આ રીતે નવકારમંત્ર સર્વ સંકટોને દૂર કરી અને મોક્ષસુખને પ્રાપ્ત કરાવે છે. અમે તો કહીએ છીએ કે નવકાર પાસે મોક્ષસુખ માંગો, રત્નત્રયી માંગો, ચારિત્ર માંગો-સિવાય કશું જ નહિ.

શુભેચ્છક
શ્રી મૂળચંદ ખુશાલચંદ નાગડા
ગોરેગાંવ, મુંબઈ-૪૦૦ ૦૬૨.

શ્રી તીર્થંકરદેવો સંયમ ગ્રહણ કરવાના બાર મહિના પહેલાં જેને જે જોઇએ તે આપે છે પણ ભગવાનની પાસે આવતાં આવતાં જ યાચકની ઇચ્છાઓ ઓસરી જાય છે. આ વાતનો ખ્યાલ હોય તો ભૌતિક ચીજો માંગવાની ઇચ્છા જ મરી જાય.

**શ્રી નવકારમાં એક શ્રી આદિનાથ દાદા કે એક શ્રી મહાવીરસ્વામી પરમાત્મા જ નથી, પરંતુ તેવા અનંતા શ્રી તીર્થંકર દેવો છે, માટે તેના (શ્રી નવકારના) પ્રત્યેક અક્ષરનું ભાવથી શુદ્ધ ઉચ્ચારણ કરવું જોઇએ.**

નવકાર ગણવા બેસતા પૂર્વે નિર્વિઘ્ને ગણી શકાય અને તેમાં આવતા વિઘ્નોનું નિવારણ કરી શકાય એટલા માટે રક્ષક પાંજરારૂપે વજ્રપંજર સ્તોત્ર ગણીને શ્રી નવકાર ગણવાનું વિધાન છે. શક્તિને અતિક્રમ્યા સિવાય કે ગોપવ્યા સિવાય ધર્મારાધના કરીએ, તો તેનું પૂરેપૂરું ફળ મળે છે. નવકારના એક-એક અક્ષરમાં અનંતા અર્થ છે.

**શાસ્ત્રમાં લખ્યું છે કે શ્રી નવકારના પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાઓ છે. તે સિવાય બીજી ઘણી શક્તિઓ છે. જેમ મોમાં કોળિયો નાખીને ચાવતી વખતે બીજો કોઇ વિચાર કરતા નથી, તેમ શ્રી નવકાર ગણતી વખતે બીજો કોઇ વિચાર ન કરવો.**

આરાધનામાં એકાગ્રતા કેળવવા માટે શ્રી પરમાત્માની પ્રતિમાજી સામે ઊભા રહી, બેસી આસન ગોઠવી, શુદ્ધ ઉચ્ચારપૂર્વક શ્રી નવકારનો જાપ કરવો. આમ તેઓશ્રીની પ્રતિમાજીના આલંબને શ્રી નવકારની આરાધના એકદમ પ્રાણવંતી બને છે.

**નવકારમંત્રની સાચી આરાધના ઉપધાન તપ કરવાથી થાય છે અને ઉપધાન કરવાના સાચા અધિકારીઓ સમ્યગ્દૃષ્ટિ આત્મા છે. ત્રણે લોકમાં સમ્યગ્દૃષ્ટિ જીવનું અસાધારણ તાત્ત્વિક મહત્વ છે. પ્રથમ ઉપધાન તપમાં મુખ્યત્વે નવકારમંત્રની જ આરાધના છે. ઉપધાન તપ કરેલ આત્મા જ નવકારમંત્રનો સાચો અધિકારી બને છે.**

શ્રી નવકારમાં પંચ પરમેષ્ઠી ભગવંતોની આરાધના છે. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવેલ છે. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારને મહાશ્રુતસ્કંધ કહ્યો છે. બીજા બધા કેવળ શ્રુતસ્કંધ છે. બીજા સુયોગ્ય મંત્રો સોનાની પેટી જેવાં છે. જ્યારે શ્રી નવકાર એ ૬૮ અણમોલ રત્નોની પેટી છે.

એટલે શ્રી નવકારના પ્રત્યેક અક્ષરને અક્ષરપદ તુલ્ય ભાવ આપીને ઉપયોગપૂર્વક ભજવો જોઇએ. ગમે તે પદાર્થનું નામ બોલતા **'અ' 'રિ' 'હં' 'તા'** કે **'ણં'** વગેરે અક્ષરો પૈકી એક પણ અક્ષર બોલવામાં આવે ત્યારે તમારો ઉપયોગ શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠીમય બને, એટલે માનવું કે શ્રી નવકાર તમને લાગુ પડ્યો છે. જીવના સંસારના ક્ષયની પ્રક્રિયા શરૂ થઇ છે.

શ્રી નવકારના અડસઠે અક્ષરો જાપ માટે અનુકૂળ છે, તેમ ધ્યાન માટે પણ અનુકૂળ છે. ચાર દિશા અને ચાર વિદિશા (ખૂણા) એમ અષ્ટદલ કમલમાં ચૂલિકા સહિત શ્રી નવકારની વિધિ-બહુમાનપૂર્વક સ્થાપના કરીને ગણવાથી એકાગ્રતા, રસ, પ્રીતિ, તન્મયતા વગેરેમાં ઝડપથી વૃદ્ધિ થાય છે. જેમને આ રીતે ન ફાવે, તેઓ નવકારવાળીથી શ્રી નવકાર ગણી શકે છે.

સૂર્યના પ્રત્યેક કિરણમાં તિમિરને દૂર કરવાની સ્વાભાવિક શક્તિ રહેલી છે, તેમ શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં પાપરૂપી મળનો ક્ષય કરવાની સ્વાભાવિક શક્તિ રહેલી છે. એટલે શ્રી નવકારનો જાપ શરૂ થતાંની સાથે તેમાંથી પ્રગટતા ધ્વનિ-તરંગો પાપક્ષય કરવા માંડે છે.

**શરીરના કોઇ અવયવને હલાવ્યા સિવાય કેવળ મનથી જ શ્રી નવકારનો જાપ કરવાથી વધારે પાપનો ક્ષય થાય છે. જાપમાં આસનનું આગવું મહત્વ છે. મેરૂ દંડ સ્થિર રહે તેવા આસને શ્રી નવકાર ગણવાથી જાપ જન્ય શક્તિનું ઉર્ધ્વીકરણ થાય છે. જે ભાવમળનો ક્ષય કરવામાં અપાર મદદ કરે છે.**

પૂજાનાં વસ્ત્રો ધોયેલા તથા ઊંચી જાતના રાખવા. જાપ માટેના જુદાં રાખેલાં વસ્ત્રો વારંવાર ન ધોવાં. વારંવાર ધોવાથી જાપજન્ય જે શુદ્ધ શક્તિથી તે વસ્ત્રો વાસિત થયેલાં હોય છે, તે શક્તિ તે વસ્ત્રોને ધોવાથી નાશ પામે છે. એટલે જાપ માટેના વસ્ત્રો મેલાં ન થાય, તેની કાળજી રાખવી જોઇએ.

કાળજી તો પૂજાનાં વસ્ત્રો મેલાં ન થાય તેમાં પણ રાખવાની જ છે. તેમ છતાં તેને ધોવામાં હરકત નથી. એટલે એમ ન માનવું કે દેવાધિદેવની પૂજા-ભક્તિ વગેરે શ્રી નવકારની આરાધના કરતાં ગૌણ છે. પણ જે આરાધના જે વિધિએ કરવાથી વધુ આત્મલાભનું શાસ્ત્રોક્ત વિધાન છે, તેનો તે સંદર્ભમાં આદર કરવો તે આપણો ધર્મ છે.

**જાપ માટેના સમય અને સ્થાન એક રહે છે, તો વધુ બળ મળે છે. દિશા ઉત્તર યા પૂર્વ રાખવી અથવા જે દિશામાં દેવાધિદેવની પ્રતિમાજીનું મુખ હોય તે રીતે બેસવું. વિધિનું બહુમાન કરવાથી શ્રી જિનાજ્ઞા તરફ વિધેયાત્મક વલણ કેળવાય છે, તેમ જ ભાવોદ્દીપન સારી રીતે થાય છે.**

આરાધક આત્માએ, આત્મ સ્વભાવના આરાધક બનવાનું છે, તે લક્ષ્યમાં રાખવું. એટલે આત્માના સ્વભાવ વિરુદ્ધના સર્વ પ્રકારના વલણનું જીવન ઉપરનું ચલણ ધીમે-ધીમે નાબૂદ થશે.

☐☐☐

# સર્વ મંગલોમાં પ્રથમ મંગલ મહામંત્ર નવકાર

ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ

માનવ જીવનમાં નમસ્કારનું સ્થાન ઘણું ઊંચુ છે. મનુષ્યના હૃદયની કોમળતા, સરળતા, ગુણગ્રાહકતા, અને ભાવુકતાનો પરિચય તેમાં રહેલાં યોગ્ય આત્માને નમસ્કાર કરવાની ક્રિયાથી થઇ શકે છે. પોતાથી શ્રેષ્ઠ અને પવિત્ર એવા મહાન આત્માઓને ભક્તિ બહુમાનથી. ગદ્ગદિત થઇને નમસ્કાર કરવો એ માનવ માત્રનો સહજ ધર્મ છે. એ ગુણસંપન્ન આત્માઓને નમસ્કાર કરવાથી અહંતાનો નાશ થાય છે અને યોગ્ય આત્માઓના ચરણોમાં પોતાની જાતને સમર્પણ કર્યાનો આત્મસંતોષ અનુભવાય છે.

**નમસ્કાર એ નમ્રતા અને ગુણગ્રાહકતાનું પ્રતીક છે. તેનાથી ઉત્તમ આત્માઓથી પોતાની અલ્પતાનો અને તેઓની અધિકતાનો એકરાર થાય છે. આ એકરાર પોતામાં ગુણોનો આધારક હોવાથી પરમેષ્ઠી નમસ્કાર માનવ માત્રનો પરમ ધર્મ બને છે.**

વિશુદ્ધ નમસ્કાર વડે ઉપાસકના આત્મામાં ઉપાસ્ય પ્રતિ ભક્તિનું સામ્રાજ્ય સ્થપાય છે. આ ભક્તિભાવ આત્માને શુદ્ધ બનાવવામાં પૂર્ણ મદદગાર બને છે. પોતાથી અધિક ગુણીને જોઇને સાંભળીને, નમીને, અને સ્મરણ કરીને ભક્તિભાવથી દ્રવિત થવું જોઇએ અને બહુમાન, સન્માન પ્રદર્શિત કરવું જોઇએ. કારણ કે તે પ્રમોદ ભાવનાનું પ્રતીક છે. પ્રમોદ ભાવનાથી હૃદય વિશાળ-ઉદાર અને ઉદાત્ત બને છે તેના અભ્યાસથી ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે હૃદયમાં રહેલા ઈર્ષ્યાદિ દોષો બળી જાય છે.

નમસ્કાર કરવા માત્રથી આવું મોટું ફળ મળે એ વાત આજના તર્કવાદના જમાનામાં સુસંગત કેવી રીતે કરવી? આ પ્રશ્ન થવો સંભવિત છે. છતાં તેનો ઉત્તર પણ રહેલો છે.

બાહ્ય દૃષ્ટિવાળા જીવો જગતમાં હાથ-પગ હલાવવા એને જ માત્ર ક્રિયા માને છે. અંતર દૃષ્ટિવાળાની તે માન્યતા નથી. તેમની ક્રિયાની રીત જુદી હોય છે. જેમ સૂર્યનો ઉદય થતાંની સાથે ચોરો પલાયન થઇ જાય છે. તેમાં સૂર્યને કાંઇ કરવું પડતું નથી. સૂર્યના પ્રગટ થવા માત્રથી તે ક્રિયા આપોઆપ થઇ જાય છે. એ જ રીતે કમળને વિકસાવવા માટે સૂર્યને કમળની પાસે જવું પડતું નથી. આકાશમાં સૂર્યનો પ્રકાશ થતાંની સાથે જ કમળો સ્વમેવ ખીલી ઉઠે છે.

બસ પરમેષ્ઠી નમસ્કારમાં આ જ નિયમ લાગુ પડે છે. પાપરૂપી ચોરોને ભગાડવા માટે અને હૃદયરૂપી કમળોને વિકસાવવા માટે પરમેષ્ઠીઓ માત્ર આલંબનરૂપ છે. તેમના નિમિત્ત માત્રથી તે કાર્ય આપોઆપ થઇ જાય છે. **નમસ્કાર વડે સાધક આત્મા પરમેષ્ઠી સાથે સંબંધ સાંધતો જાય છે, તે સંબંધરૂપ આલંબન સૂર્યની જેમ નિમિત્ત બનીને સાધકના આત્માની વિશુદ્ધિ કરે છે અને અશુદ્ધિને દૂર હઠાવે છે.** વીતરાગના શાસનમાં પરમેષ્ઠી નમસ્કારને ઘણું ઊંચુ સ્થાન આપવામાં આવ્યું છે. બધી ક્રિયાઓમાં તે મુખ્ય સ્થાને છે. બધા શાસ્ત્રનું એ નવનીત છે. બધી ધર્મભાવનાનો તે જ મૂળ પ્રવાહ કહ્યો છે, એમાં આલંબન તરીકે સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ શ્રેષ્ઠ મહાપુરુષોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તે સર્વનું પરમોચ્ચ આલંબન પામીને સાધકનો આત્મા પાપવાસનાથી રહિત બની ધર્મ ભાવનાથી યુક્ત બને છે તે કારણે સર્વ મંગલોમાં તેને પહેલું મંગલ માન્યું છે. સર્વ મંગલોમાં તેને રાજાનું સ્થાન છે. બીજાં બધાં મંગલો તેના સેવકનું કામ કરે છે.

જૈન દર્શનમાં બાહ્ય (દ્રવ્ય) મંગલો સર્વથા અને સર્વદા મંગલરૂપ માનવામાં આવ્યા નથી. દહીં તે મંગલ છે પણ તાવવાળાને અમંગલ છે. અક્ષત એ મંગલ છે છતાં ભૂલથી ઉડીને આંખમાં પડે તો અપમંગલ બને છે. જ્યારે પરમેષ્ઠી નમસ્કાર એ નિરૂપદ્રવ મંગલ છે. તેનો સંબંધ આંતરજગતની સાથે છે. તેથી જ તે એકાંતિક અને આત્યાન્તિક છે. જ્યારે જ્યારે તેનો આશ્રય લેવામાં આવે ત્યારે ત્યારે તે અવશ્ય ફલદાયી બને જ છે. એ નમસ્કાર શુભ ભાવરૂપ છે તેથી અશુભ ભાવોનો નાશ થાય છે અને અધિક મંગલમય શુભ ભાવોને પ્રગટ કરે છે. મનુષ્યનો આત્મા એક દૃષ્ટિએ ભાવમય છે. પરમેષ્ઠી નમસ્કાર વડે તે શુભ અને મંગલ ભાવમય બને છે અને અશુભ અમંગળ ભાવોને દૂર કરે છે અને પરિણામે આત્મા સદાને માટે સુખ-શાંતિ-સમાધિ-સદ્ગતિ અને મોક્ષનો ભાગી બને છે.

પ્રણિધાનપૂર્વક કરાયેલું કર્મ ઉત્કટ ફળને આપનારું થાય છે. પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા, તન્મયતા, તે લાવવનો ઉપાય ક્રિયામાં રસ પેદા કરવો તે છે અને રસ તે જ ક્રિયામાં ઉત્પન્ન થઇ શકે છે કે જે ક્રિયા કરવાથી કરનારને કોઇ વિશિષ્ટ લાભ થવાની સંભાવના હોય. પરમેષ્ઠી

નમસ્કારથી જીવને શો લાભ થાય છે અથવા કઇ વસ્તુના લાભ માટે પરમેષ્ઠી નમસ્કાર કરવાનો છે એ જેટલું સ્પષ્ટ તેટલો નમસ્કાર ક્રિયામાં રસ અધિક પેદા થઇ શકે છે.

**પ્રથમ અરિહંત પરમાત્માને નમસ્કાર કરવાથી જીવને માર્ગની પ્રાપ્તિ થાય છે માટે માર્ગના અભિલાષીએ અરિહંતને નમસ્કાર કરવો જોઇએ.** અહીં માર્ગ એટલે ભાવ માર્ગ. અર્થાત્ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ જાણવો. અરિહંત નમસ્કાર વડે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે એ જ નિશ્ચયથી રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. અરિહંત નમસ્કાર વડે, **અરિહંત પદની ધારણા સમ્યગદર્શન ગુણની શુદ્ધિ કરે છે. ધ્યાન, જ્ઞાન ગુણની શુદ્ધિ કરે છે અને તેની તન્મયતા સમાધિ-ચારિત્ર ગુણની શુદ્ધિ કરે છે.** દર્શનગુણ તત્ત્વરુચિરૂપ છે. જ્ઞાનગુણ તત્ત્વબોધરૂપ છે. ચારિત્રગુણ તત્ત્વપરિણતિરૂપ છે. અરિહંતના નમસ્કાર વડે ધારણા-ધ્યાન અને તન્મયતા અરિહંતપદ સાથે સધાય છે. વારંવાર નમસ્કાર વડે જેમ જેમ અરિહંતપદની ધારણા વધતી જાય છે તેમ તેમ જીવનો સમ્યક્ત્વ પરિણતિરૂપ ચારિત્રગુણ પ્રગટ થતો જાય છે અને તેના પરિણામે જીવનશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ વડે ઉત્તરોત્તર રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ સહેલાઇથી થઇ જાય છે. આ પ્રમાણે થવામાં શુદ્ધ પ્રણિધાન હેતુ છે અને પ્રણિધાનમાં માર્ગનું લક્ષ્ય તે હેતુ છે. સાધ્યના લક્ષ્યપૂર્વકની થતી ક્રિયા કેવળ ક્રિયા જ નથી પણ રસપૂર્વકની ક્રિયા છે અને તે રસપૂર્વકની ક્રિયા તે કેવળ કાયવાસિત કે વચન વાસિત ન રહેતા મનોવાસિત બને છે એ રીતે મન, વચન અને કાયા એ ત્રણેથી વાસિત નમસ્કારની ક્રિયાને જ શાસ્ત્રોમાં 'નમસ્કાર' પદાર્થ કહ્યો છે.

પરમ પૂજ્ય **શ્રી ભદ્રબાહુસ્વામીજી** કહે છે કે, મન વડે આત્માનું પંચ પરમેષ્ઠીના ગુણોનું પરિણમન, વચન વડે તેમના ગુણોનું કથન અને કાયા વડે સમ્યક્‌વિધિ યુક્ત તેમને પ્રણામ. એ નમસ્કારનો અર્થ પદાર્થ છે, ખરો અર્થ છે. **સાચો નમસ્કાર થવા માટે કાયાથી પ્રણામ અને વાણીથી ગુણોના ઉચ્ચારણની સાથે મનથી ગુણોમાં પરિણમન પણ આવશ્યક છે. એ પરિણમન પરમેષ્ઠી નમસ્કારની પાછળ રહેલા હેતુઓનું ચિંતન કરવાથી થાય છે તેથી તે ભાવ નમસ્કાર બને છે.** કોઇ પણ ક્રિયાને ભાવક્રિયા બનાવવા માટે શાસ્ત્રમાં આઠ પ્રકારના ગુણયુક્ત ચિત્ત બનાવવા કહ્યું છે. તે ગુણોને સમજાવવાથી આપણી ક્રિયા ભાવક્રિયા છે કે નહીં તે સમજી શકાય છે અને ભાવક્રિયા ન હોય તો તેને ભાવક્રિયા કેમ બનાવાય તેનું જ્ઞાન મળે છે.

અનુયોગદ્વારમાં કહ્યું છે કે, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, ઉભયકાળ આવશ્યક તચ્ચિત, તદ્ મન, તત્લેશ્યા, તદ્ અધ્યવસાય, તદ્ તીવ્ર અધ્યવસાય, તદ્ અર્પિતકરણ, તદ્ અર્થોપયુક્ત, અને તદ્ ભાવનાથી ભાવિત થઇને ક્રિયા કરે. અન્યત્ર કાંઇ પણ મનન કર્યા વિના ક્રિયાને કરે તેવી ક્રિયા ભાવક્રિયા છે. એ રીતે થતું આવશ્યક, એ ભાવ આવશ્યક છે. તદ્ચિત એટલે સામાન્યોપયોગ, તદ્મન એટલે વિશેષોપયોગ, તલ્લેશ્ય, ઉપયોગની વિશુદ્ધિ, જેવો ભાવ તેવો જ ભાવિત સ્વર બને ત્યારે લેશ્યાની વિશુદ્ધિ થઇ ગણાય છે. જેવો સ્વર તેવું જ ધ્યાન બને ત્યારે તદ્ધ્યેય વાસિત, અને તેવું જ તીવ્ર અધ્યવસાનવાળું ચિત્ત બન્યું ગણાય છે. તદ્અર્પિતકરણ, તદ્રથોપયુક્ત અને તદ્ ભાવના ભાવિત જે ચિત્તના ત્રણ વિશેષણો છે, એ વિશેષણો વધતી જતી એકાગ્રતાને સૂચવે છે. સર્વકરણો એટલે મન વચન અને કાયા તથા કરણ, કરાવણ અને અનુમોદન તે વડે યુક્ત ચિત્ત, અર્થ અને ભાવાર્થ અને રહસ્યાર્થમાં ઉપયોગ યુક્ત ચિત્ત અને તે ત્રણેની ભાવનાથી ભાવિત અંતઃકરણ બને ત્યારે આવશ્યક ક્રિયા ભાવક્રિયા બને છે.

**નમસ્કારની ક્રિયાને પણ ભાવક્રિયા બનાવવી હોય તો ચિત્તને આ કહેલા ગુણોવાળું બનાવવું જોઇએ. ચિત્ત એ ગુણોવાળું ત્યારે જ બને કે જ્યારે નમસ્કારની ક્રિયા હેતપૂર્વક બને અર્થાત્ ક્રિયા પાછળના હેતુઓનું સ્પષ્ટ જ્ઞાન અને લક્ષ્ય હોય.** આચાર્યને નમસ્કાર કરવામાં હેતુ આચાર-પ્રધાન છે. તે આચાર પાંચ પ્રકારનો છે. અથવા છત્રીસ કે એકસો આઠ પ્રકારનો છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર, તપ અને વીર્ય એ આત્માના પાંચ મુખ્ય ગુણો છે તેને પ્રગટ કરવા માટેના પાંચ આચારો જ્ઞાનાચારાદિ નામોથી ઓળખાય છે. તેના પેટા ભેદો અનુક્રમે ૮-૮-૮-૧૨ પ્રકાર છે. કુલ ૩૬ ને ૩ વીર્યાચાર વડે ગુણવાથી ૧૦૮ પ્રકાર આચારના થશે. એ સર્વ પ્રકારના આચારોના જ્ઞાનમાં અને પાલનમાં કુશળ હોય તે ત્રીજા પદે પ્રતિષ્ઠિત ભાવ આચાર્ય છે.

ઉપાધ્યાય ભગવંત અને સાધુ ભગવંત પણ આ સર્વ આચારથી કુશળ હોય છે, પરંતુ તેઓ આચાર્ય ભગવાનોની આજ્ઞા વડે પ્રેરાયેલા હોવાથી પંચાચારના પાલક અને પ્રવર્તક મુખ્યતયા તો આચાર્ય જ કહેવાય છે. આચાર્ય ભગવંતના આ આચાર ગુણનું પ્રણિધાન આચાર્ય ભગવાનને કરાતા નમસ્કારની પાછળ હોવું જોઇએ. પાંચે ઇન્દ્રિયોના વિષયથી મુંઝાયેલા સંસારમાં પરમેષ્ઠી ભગવંતમાં રહેલા સર્વ શ્રેષ્ઠ પાંચ વિષયોને અલગ પાડીને તે તે વિષયમોમાં પ્રણિધાનપૂર્વક પાંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવે તો તે ભાવ નમસ્કાર બને છે. પાંચ વિષયોમાં મુખ્ય વિષય શબ્દ છે. શબ્દમાં સર્વ શ્રેષ્ઠ શબ્દ શ્રી અરિહંત પરમાત્માનો છે. સમવસરણમાં બિરાજમાન થઇ શ્રી અરિહંત ભગવંતો જ્યારે ધર્મદેશના આપે છે, ત્યારે તેમનો શબ્દ ધ્વનિ આષાઢી મેઘની ગર્જનાથી પણ અધિક મધુર અને ગંભીર હોય છે, અથવા જાણે મંથન કરાતા સમુદ્રનો જ ધ્વનિ ન હોય તેમ પ્રભુના મુખમાંથી નીકળતા શબ્દનો ધ્વનિ શ્રોતાઓના ચિત્તના

સંતાપને હરનારો થાય છે. વિષયરૂપી વિષના આકર્ષણને ટાળનારો થાય છે. શ્રીઅરિહંતના શબ્દની જેમ સિદ્ધનું રૂપ અને તેમનું પ્રણિધાન ત્રણે લોકમાં રહેલા સર્વ પ્રકારના રૂપના મિથ્યા આકર્ષણને હરનારું થાય છે. સિદ્ધ અરૂપી છે પણ અહીં રૂપનો અર્થ શરીરનું રૂપ ન લેતાં આત્માનું રૂપ લેવાનું છે. વળી શરીરનું રૂપ કે સૌંદર્ય અંતે તો આત્માના રૂપને જ આભારી છે. જીવ રહીત શરીરનું રૂપ તે રૂપ ગણાતું નથી. શરીરમાં જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી જ શરીરનું રૂપ આકર્ષે છે. એટલે સંસારી જીવના શરીરનું સૌંદર્ય પણ વસ્તુતઃ શરીરની અંદર રહેલા ચેતનની ચૈતન્યતાના સૌંદર્યની સાથે સંબંધ રાખે છે. સિદ્ધ ભગવાનનું રૂપ તે ચેતનનું છે તેથી તે સર્વ શ્રેષ્ઠ છે.

સિદ્ધનું રૂપ સર્વ રૂપોથી ચઢીયાતું છે, તેથી તેમનું ધ્યાન અન્ય સર્વ રૂપી પદાર્થોના રૂપના અયોગ્ય આકર્ષણને ક્ષણ વારમાં દૂર કરે છે. તેવી રીતે આચાર્ય ભગવંતોનો ગંધ-શીલની સુગંધ સર્વ લૌકિક સુગંધીદાર પદાર્થોની સુગંધના તુચ્છ આકર્ષણને ટાળે છે. જીવને શબ્દાદિ વાસના અનાદિકાળની છે તે વાસનાને નષ્ટ કરવા માટે એક બાજુ વિષયની વિરસતાનું ચિંતન અને બીજી બાજુ પરિણામે સુંદર એવા વિષયોની સુંદરતા પ્રણિધાન અતિ આવશ્યક છે.

પૌદ્‌ગલિક પદાર્થો ઉપરની ગંધ વાસનાને નિર્મૂળ કરવા માટે આચાર્ય ભગવંતોના ભાવ આચારોની સુવાસ પંચાચારના પાલનથી ઉત્પન્ન થતી શીલરૂપી સુગંધીનું પ્રણિધાન ઉત્તમ પ્રણિધાનની ગરજ સારે છે.

**આ રીતે શ્રી અરિહંતોનો ગંભીર ધ્વનિ, સિદ્ધોનું અવિનાશીરૂપ અને આચાર્યોના સદાચારની સુવાસ આ ત્રણનું વર્ણન થયું, તે જ રીતે ઉપાધ્યાયના સ્વાધ્યાયનો રસ અને સાધુઓની કાયાનો સ્પર્શ તથા બન્નેનું પ્રણિધાન નમસ્કારની ક્રિયાને ભાવક્રિયામાં પલટાવી નાખે છે.** □□□

## પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે કારતક મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન

**ચેમ્બુર તીર્થ મધ્યે**

કારતક સુદ-૫ને ગુરુવાર, તા. ૭-૧૧-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**

કારતક સુદ-૮ને રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**

કારતક સુદ-૧૫ને રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**

કારતક વદ-૧૪ને રવિવાર, તા. ૧-૧૨-૨૦૧૩

## નવા વર્ષથી ભાંડુપમાં પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ના દર મહિને નવકાર જાપ અનુષ્ઠાન યોજાશે



સં. ૨૦૭૦ના કારતક મહિનાથી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાન કેન્દ્રનો **ભાંડુપમાં શુભારંભ** થઇ રહ્યો છે. ભાંડુપ (વેસ્ટ)માં એલ.બી.એસ. માર્ગ સ્થિત અનંત સિદ્ધિ કોમ્પલેક્સમાં **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ**માં નીચે મુજબ દર દેશી મહિનાના **બીજા રવિવારે** સવારના ૭ થી ૧૦ના સમયે આ નવકાર જાપ અનુષ્ઠાન યોજાશે. તેનો ભાંડુપ પરિસરમાં વસતા સર્વ જૈન ભાઇ-બહેનોને લાભ લેવા વિનંતી છે. ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-મુંબઇના ધાર્મિક સમિતિના અધ્યક્ષ અને શ્રી અનંતનાથજી જિનાલય ટ્રસ્ટ સાથે સંકળાયેલા અને ભાંડુપમાં રહેતા પ્રતિભાવંત **શ્રી કુમારભાઇ દંડ,** બીએમપીપીના ઉપાધ્યક્ષ **શ્રી સોમચંદભાઇ લોડાયા, શ્રી કીર્તિભાઇ હરિયા** તેમજ ફાઇવ સ્ટાર્સ કેટરર્સવાળા **યુવા જ્ઞાતિબંધુઓ**ના સહિયારા પ્રયત્નોથી ભાંડુપને **પૂ. શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપના પાંચમા સેન્ટરનું** સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે અતિ આનંદની વાત છે.

ભાંડુપના નવકાર જાપ અનુષ્ઠાનના બાર મહિનાના આ કાર્યક્રમની સૂચિ નીચે મુજબ છે.

| ક્રમ | મહિનો | વાર | તારીખ |
|---|---|---|---|
| ૧ | કારતક | રવિવાર | તા. ૧-૧૨-૨૦૧૩ |
| ૨ | માગશર | રવિવાર | તા. ૨૨-૧૨-૨૦૧૩ |
| ૩ | પોષ | રવિવાર | તા. ૧૨-૦૧-૨૦૧૪ |
| ૪ | મહા | રવિવાર | તા. ૦૯-૦૨-૨૦૧૪ |
| ૫ | ફાગણ | રવિવાર | તા. ૦૯-૦૩-૨૦૧૪ |
| ૬ | ચૈત્ર | રવિવાર | તા. ૧૩-૦૪-૨૦૧૪ |
| ૭ | વૈશાખ | રવિવાર | તા. ૧૧-૦૫-૨૦૧૪ |
| ૮ | જેઠ | રવિવાર | તા. ૦૮-૦૬-૨૦૧૪ |
| ૯ | અષાઢ | રવિવાર | તા. ૦૬-૦૭-૨૦૧૪ |
| ૧૦ | શ્રાવણ | રવિવાર | તા. ૦૩-૦૮-૨૦૧૪ |
| ૧૧ | ભાદરવો | રવિવાર | તા. ૦૭-૦૯-૨૦૧૪ |
| ૧૨ | આસો | રવિવાર | તા. ૦૫-૧૦-૨૦૧૪ |

માનદ્ મંત્રીઓ,

બૃહદ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર



# શ્રી નવકારનો સાધક

મફતલાલ સંઘવી

ચાલવાની ક્રિયાથી માર્ગ કપાય તેમ નમસ્કારની ક્રિયાથી ભાવ અપાય. આપણે જેને નમસ્કાર કરીએ, તેનો ભાવ આપણને અસર કરે.

નમસ્કાર કરવાનો વધુ ભાવ જેના તરફ રહે તેની વધુ અસર નીચે આપણી આવીએ.

વિષય-કષાયને નમસ્કાર કરવાનું મન થાય તે આપણું દુર્ભાગ્ય ગણાય. કારણ કે તેના પ્રભાવે આપણે દશે દિશાએથી અશુભ વડે ઘેરાઇ જઇએ છીએ. વિશ્વમાં રહેલા અશુભ ભાવના પરમાણુઓને આપણી દિશામાં આકર્ષવાનું કામ વિષય અને કષાય કરે છે. વિષય-કષાયને નમસ્કાર કરવો તે જીવનના પવિત્ર પ્રવાહમાં વિષ ભેળવવા કરતાં પણ વધુ ખરાબ છે.

ભાવથી આપણી વધુમાં વધુ નજીક રહેલા શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોના આપણા સહુના ઉપર જે ઉપકારો છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી.

**જગતના બધા જીવોના હિતને જે સર્વોચ્ચભાવ તેઓશ્રી આપી રહ્યા છે તેનો વિચાર કરતાં એમ સ્પષ્ટ થાય છે કે એક સારો વિચાર આવે ત્યારે પણ આપણી આંખમાં ઝળઝળીયાં આવવાં જોઇએ. આપણા અંતઃકરણમાં એ પરમોપકારી ભગવંતોના નિઃસીમ ઉપકારોની પવિત્ર સ્મૃતિ મઘમઘાયમાન થવી જોઇએ.** તે સમયે આપણને એમ સમજાવું જોઇએ કે, 'આ જે શુભ વિચાર જાગ્યો તે, તે પરમોપકારી ભગવંતોના શુભ ભાવના શાશ્વત પ્રવાહના જ પ્રભાવે.' અને જ્યારે અશુભ વિચાર જાગે ત્યારે આપણને ગભરામણ છૂટવી જોઇએ. એમ લાગવું જોઇએ કે 'હું અધમ મારા પરમ તારકનાથની સામે પડ્યો!'

**વિનીત પુત્ર પોતાના પિતાની આમન્યાનો લોપ નથી કરતો તે આપણે જાણીએ છીએ, તો શ્રી નવકારનો ધારક આત્મા, શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાની અવગણના કરે તે માની શકાય? કદાપિ નહિ.**

આપણે આજે જે કાંઇ શાતા અનુભવીએ તે, શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાની યત્કિંચિત્ પણ આરાધનાના અલૌકિક પ્રભાવે. અને જે અશાતા અને અંતરાયો અનુભવીએ છીએ તે, તે આજ્ઞાની વિરાધનાનું પરિણામ છે.

તે આજ્ઞાના મૂલમાં સર્વોચ્ચ વિશ્વહિતકરભાવ રહેલો છે.

ત્યાં નમવાને બદલે આપણે 'અહમ્' અને 'મમ' ને નમસ્કાર કરીએ એટલે જગતના સર્વ જીવો સાથેનો આપણો ભાવ સંબંધ લગભગ કપાઇ જાય અને આપણે જાતે આપણા ભાવ વડે હણાઇએ.

**શ્રી નવકારનો એક જ વારનો ભાવપૂર્વકનો પૂરો જાપ, પરિણામની ધારા ઉપર એ અસર કરે છે,** જે અસર કરચલીવાળા કપડા ઉપર એક જ વારની, ઇસ્ત્રી ફેલાવે છે. તે ધારામાં મોટો વિક્ષેપ, સ્વાર્થનો વિચાર જન્માવે છે. બરાબર બેસતાં ન આવડે તો ઇસ્ત્રીવાળું કપડું પણ ચૂંથાઇ જાય તેમ બરાબર વિચાર કરતાં નહિ આવડતો હોવાને કારણે શ્રી નવકારના પ્રભાવે વિશુદ્ધ બનતી પરિણામની ધારા થોડી વાર પછી તૂટવા માંડે છે, ઝાંખી પડવા માંડે છે.

**શ્રી જિનેશ્વર ભગવાનની સર્વજીવહિતકર ભાવનાના અંગભૂત ન હોય એવા કોઇ પણ વિચારને પોતાના અંગભૂત ન બનાવવો તે પરિણામની ધારાને નિર્મળ, તેજસ્વી અને સર્વશ્રેયસાધક બનાવવાનો સચોટ ઉપાય છે.**

આપણે જ્યારે આપણા સ્વાર્થના વિચાર સાથે જોડાઇએ છીએ ત્યારે શ્રી અરિહંત પરમાત્માના આપણા પ્રત્યેના ભાવથી અલગ પડી જઇએ છીએ, તે ભાવથી અલગ પડી જવાય છે એટલે સકળ વિશ્વથી અલગ પડી જવાય છે.

આપણને સકળ વિશ્વથી અલગ પાડનારા વિચારને નમસ્કાર કરવાનો ભાવ થવો તે જન્મટીપ યા ફાંસીની સજાને લાયકના દુષ્કૃત્યને નમસ્કાર કરવા કરતાં અધિક ખરાબ કૃત્ય છે. તે પ્રકારના નમસ્કારના પ્રભાવે જે અશુભકર્મ બંધાય છે તે આપણને ખૂબ નીચે ઘસડી જાય છે કે જ્યાં નર્યો અંધકાર અને યાતનાઓ આપણું સ્વાગત કરવા માટે અહર્નિશ તૈયાર હોય છે.

**શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને ભાવપૂર્વક જે નમસ્કાર થાય છે તેની આપણા ભાવ ઉપર જે શુભ અસર ફેલાય છે તેના પ્રભાવે આપણે અંદરથી વધુ લાયક બનીએ છીએ.** અંદરથી વધુ લાયક બનવું એટલે આત્માના ભાવની અસરને વધુ ઝડપે ઝીલવાની લાયકાત પ્રગટ થવી તે. આવી લાયકાત પ્રગટે છે એટલે મૈત્રીભાવથી નીચે ઉતરવું તે લોઢાના ચણા ચાવવા કરતાં વધુ દુષ્કર વર્તાય છે. મતલબ કે આપણી સમગ્રતા ઉપર આત્માના ભાવની જે ઘેરી અસર ફેલાઇ જાય છે તેને જ માફકસરના વિચાર-વાણી અને વર્તનને આપણા જીવન સાથે નિકટતર સંબંધ થઇ જાય છે. **શ્રી નવકાર એ ભાવયોગનું શ્રેષ્ઠતમ માધ્યમ છે.**

**'નમો અરિહંતાણં'** બોલતાંની સાથે આપણા પ્રાણોમાં શ્રી અરિહંત પરમાત્માના ભાવની અસર શરૂ થવી જોઇએ. **'નમો સિદ્ધાણં'** બોલતાંની

સાથે જીવતત્ત્વ પ્રત્યેનો આપણો ભાવ, અસલ રંગમાં આવવો જોઇએ. એકાએક આવું શી રીતે બની શકે?

'એકાએક' શબ્દને જ્યારે-ત્યારે આગળ કરવો પડે છે તે શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને આપણે બરાબર ઓળખતા નહિ હોવાની નિશાની છે. જગતના બધા જીવોના મંગલને જે ભાવ તેઓશ્રી આપી રહ્યા છે, તેનો આપણને સાધારણ ખ્યાલ પણ આવી જાય તો આપણે બચાવની દલીલનો આશરો શોધ્યા સિવાય, દિન-રાત તેઓશ્રીના તે ઉપકારોને પાત્ર બનવાની વિવેકપૂર્વકની જાગૃત દશામાં રહેવાના શક્ય સઘળા પ્રયત્નો કરીએ. તે ઉપકારને પાત્ર જગતના બધા જીવો પ્રત્યે ઊંચો ભાવ કેળવવામાં કશી કંજુસાઇ ન દાખવીએ.

**દેવાધિદેવની નિઃસીમ કરુણાને પાત્ર જગતના જીવો પ્રત્યે સાચો ભાવ કેળવાય છે એટલે તે જીવોના અંતઃકરણમાં દેવાધિદેવના અસીમ ઉપકારોની યાદ તાજી કરાવવામાં આપણે નિમિત્તભૂત બની શકીએ છીએ, તેમ જ જેમના ઉપકારોની કોઇ સીમા નથી તે પરમાત્મા શ્રી અરિહંતદેવના ઉપકારોને પાત્ર બનવાની દિશામાં આપણે ડગ ભરીએ છીએ તેમ નક્કી થાય છે. જેને તેને પોતાની જ ઓળખાણ કરાવવામાંથી ઊંચો નહિ આવનારો આત્મા, જગતના બધા જીવોને દેવાધિદેવના પરમતારક શાસનની ઓળખાણ ન જ કરાવી શકે.**

આપણી આજુબાજુમાં આપણા પોતાના પ્રત્યેના ભાવના જે થરના થર જામી ગયા છે તેને દૂર કર્યા સિવાય નહિ આપણે શ્રીનવકાર સાથે ભાવસંબંધ બાંધી શકીએ, નહિ જગતના બધા જીવોના હિતમાં આપણા શ્વાસોચ્છ્વાસને સાર્થક કરી શકીએ. શ્રી નવકાર સાથેનું આપણું સગપણ, ભાવથી ત્રિભુવનના સઘળા જીવોના સગપણને દીપાવવાની આપણા આત્માની યોગ્યતાનો સબળતર પુરાવો છે. એવા શ્રી નવકારનો આરાધક પોતાના ભાવથી ત્રિભુવનપતિના ભાવની એટલી નજીકમાં રહેતો હોય છે કે, તેના શિરોભાગે સિદ્ધશીલાનું અજવાળું ઘણી વાર જોવા મળે છે. તે અજવાળામાં જીવતત્ત્વ પ્રત્યેનો ઊંચામાં ઊંચો ભાવ સમાયેલો હોય છે. એ ભાવની અસર નીચે એકાદ વાર પણ આવી જવાય તો જીવતર ધન્ય ધન્ય બની જાય. એવી તો અસર હોય છે એ ભાવની કે આ લોકમાં પણ મહિનાઓ સુધી તે તાજીને તાજી રહે છે તેમ જ બીજા નબળા વિચારોની અસરથી આપણને પર રાખે છે.

**શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને આપણે ભાવપૂર્વક જે નમસ્કાર કરીએ છીએ તે જગતના બધા જીવો સાથેના આપણા આત્માના ભાવસંબંધને અધિક સક્રિય બનાવે છે.** ભાવની તે સક્રિયતા આપણને કાળક્રમે ભવથી પાર કરે છે તેમ જ જગતમાં શ્રી નવકારની અચિંત્ય ઉપકારતાનો જે પ્રવાહ વહી રહ્યો છે તેના પ્રત્યે સહુના ભાવને ખેંચે છે. શ્રી નવકારને ભજવાનું મહાપુણ્ય જીવ માત્રના જીવનમાં પ્રગટો!

**શ્રી નવકારનો સાચો સગો ભાવથી જીવ માત્રનો મિત્ર હોય. અરિભાવ તેના મનના દ્વાર પર જતાં જ પીગળી જાય.** □□□

## નમસ્કાર ત્યાં ચમત્કાર

કઇ કાળથી એક કહેવત લોકમાં પ્રચલિત છે :

**'ચમત્કાર ત્યાં નમસ્કાર'** અથવા **'ચમત્કાર વિના નમસ્કાર નહિ.'** આ કહેવત યાવચ્ચંદ્રદિવાકરૌ જેવી છે.

પરંતુ, મૂળ હકીકત એથી ઉલટી જ છે, એનો વિચાર ભાગ્યે જ કોઇએ કર્યો હશે. જેમણે કર્યો છે તેમને તો ખાત્રી થઇ છે, કે **'ચમત્કાર ત્યાં નમસ્કાર'** કહેવતની જનેતા **'નમસ્કાર ત્યાં ચમત્કાર'** છે.

આ દુનિયામાં ચમત્કારિક શક્તિઓ ધરાવતા જે જે સાધુ, સંત, પયગંબર, તીર્થંકર ઇત્યાદિ ભગવંતોને લોકોએ નમસ્કાર કર્યો છે, તે બધા જ ભગવંતોએ ચમત્કાર કરવાની શક્તિ **'નમસ્કાર'**માંથી જ મેળવી હતી.

વિશ્વના કોઇપણ અધ્યાત્મગુરુનું જીવન તપાસશો, તો જણાશે કે તેમની પરમ ઉપકારક શક્તિઓ તેમનામાં રહેલા **નમસ્કાર ભાવ**માંથી જ પ્રગટી હતી. ચમત્કાર જોઇને નમસ્કાર કરવા દોડી જતા લોકોએ હવે એ સમજવાની જરૂર છે કે **'નમસ્કાર દ્વારા ચમત્કાર સર્જી શકાય છે.'** શરત એટલી જ છે કે પુરુષાર્થ દરેકે પોતે કરવો જોઇએ. સાધન તો હાજર છે. એ સાધનનું નામ જ **'શ્રી નમસ્કાર મહામંત્ર'** છે. એ મહામંત્રનું શરણ સ્વીકારવામાં-ગુમાવવાનું કશું જ નથી, મેળવવાનું જ છે.

□□□

## આર્થિક રીતે નબળા વૃદ્ધ સાધર્મિકો જોગ

આર્થિક તાણને કારણે તેમજ એકાંકી જીવનના કારણે જમવા વગેરેની તકલીફ હોય તથા વિકલાંગતાને કારણે રસોઇ આદિ ન થઇ શકતી હોય તો આપની નજીકની ભોજનશાળા અથવા અન્ય ઘરગથ્થુ ટિફિન આપના નિવાસસ્થાને મળી રહે એવી સગવડ હોય તો વિના સંકોચે અમને જાણ કરવા વિનંતી છે. આપશ્રીનું નામ તદ્દન ગુપ્ત રહેશે. આપશ્રીને શક્ય સહાય કરવા અમે પ્રયત્નશીલ રહીશું. આપશ્રીનો વિગતવાર પત્ર અમને નીચેના સરનામે પાઠવવા વિનંતી છે. **સુજ્ઞ વાચકોને વિનંતી છે કે આપના ધ્યાનમાં કોઇ ઉપરોક્ત પ્રકારના જરૂરતમંદ સાધર્મિક હોય તો તેની અમને જાણ કરવા વિનંતી છે.**

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાળ ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી,**
**ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ,**
**ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.**
**ફોન : (૦૨૨) ૨૫૨૨૬૯૫૮.**



## નવકાર મંત્રનો પ્રચંડ પ્રભાવ

સંકલન : હંસા રમેશ મહેતા (નવી મુંબઈ)

# શ્રી નમસ્કાર મહામંત્રનું તેજ

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ**

સંધ્યાનો સમય હતો. સૂર્ય ધીમે ધીમે ક્ષિતિજમાં આપલે થતો હતો. પશુ પક્ષી પોતાના સ્થાન ભણી કદમ માંડી રહ્યાં હતા. દહેરાસરની ટોચ ઉપર મોરલો બેઠો હતો. જાણે જગતને મહાન સંદેશો આપતો ન હોય?

‘રે જીવો, જગતના જીવનમાં તમે શા માટે ખોવાયા છો? શું તમને વીતરાગ દેવના દર્શન કરવાની અભિલાષા જાગતી નથી? હું કેવો પ્રભુનાં દરબારમાં બેઠો છું? કેટલી શાંતિ, કેટલી પ્રફુલ્લતા!’

પણ રે, જાણે મોરલાની મુંગી વાચાનો જવાબ મળતો હોય તેમ દહેરાસરની અંદર ઘંટારવ થયો. જગમલ શેઠ પોતાની હંમેશાની ટેવ મુજબ પ્રભુ દર્શનાર્થે પધાર્યા હતા.

પ્રભુ દર્શન કરી તેઓ આજ સવારે જ પધારેલા મહારાજ સાહેબને વંદન કરવા ચાલ્યા.

‘પ્રભુ આપે અહીં પધારી અમને પાવન કર્યા.’ મહારાજ સાહેબને વંદી જગમલ શેઠ બોલ્યા.

‘કહો ગામમાં ધર્મ ઉપર લાગણી કેવી છે?’

‘લાગણી તો પ્રભુ હવે રહી જ ક્યાં છે? લોકોને જાણે ધર્મ ઉપરથી શ્રદ્ધા ઉઠતી જ જાય છે. પણ આપ જો ઉપદેશ આપો તો લોકોના માનસ પલટાય ખરા!’

‘ભલે, હું આવતી કાલે વ્યાખ્યાન આપીશ.’ મુનિરાજે ગંભીર ભાવે કહ્યું.

બીજે દિવસે સવારે ભાવિકોની ભીડ જામી. ઘણા લાંબા સમયે સાધુ મહારાજના મુખેથી ધર્મોપદેશ સાંભળવા મળશે એ સૌના મુખ ઉપર આનંદ હતો.

અને મુનિરાજે સૌને મંત્રમુગ્ધ કર્યા. દેવ દર્શન ન કરતા શ્રાવકોએ કાયમ પ્રભુ દર્શને આવવાનો નિશ્ચય કર્યો.

‘જેવી રીતે નાવથી સાગર તરાય છે એવી રીતે નવકાર મહામંત્રથી ભવસાગર તરાય છે. જૈન શાસનમાં મનુષ્યને ભવસાગર તરવા માટે મહામંત્રરૂપી નાવ છે. ગમે તેવા કઠીન સમયે નવકાર મહામંત્ર સમરવાથી ગમે તેવા વિઘ્નો નાશ પામે છે. વસ્તુ એટલી જ કે તેનું સ્મરણ સાચા દિલથી થવું જોઈએ. મુનિરાજે સૌને મહામંત્રનો પાઠ શિખવ્યો.’

પરંતુ રે, એમ આ મંત્ર ઉપર શ્રદ્ધા બેસે ક્યાંથી? શ્રોતાઓએ ખાલી આશ્ચર્ય વ્યક્ત કર્યો. તેમને આ મંત્ર ઉપર આટલો બધો વિશ્વાસ આવતો ન હતો.

‘હે જિન! અચિંત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો પરંતુ આપનું નામ સ્મરણ પણ ત્રણે જગતનું આ સંસારથી રક્ષણ કરે છે.’ મુનિરાજે પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું.

ત્યાં તો પ્રભુ, પ્રભુ, એમ બોલતો એક માણસ આવ્યો ને મુનિરાજના ચરણોમાં ઢળી પડ્યો.

તેની આંખો રાતી હતી. તેના કપડા ગારાવાળા હતા. તેના પગમાંથી લોહી નીકળતું હતું. તે અતિ થાકેલો દેખાતો હતો. શ્રોતાજનો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા, આ તે શું?

મુનિરાજ આગંતુક તરફ ધારી ધારીને જોઇ રહ્યા. તેમણે આ માણસને ક્યાંક જોયો હોય તેવું લાગતું હતું.

‘ગુરૂદેવ હું ખંભાતના શેઠ સોદાગર જગમલ શાહનો પુત્ર છું.’

‘કોણ શેઠ જગમલ શાહ?’

‘હા ગુરૂદેવ, હું જગમલ શાહનો પુત્ર છું. ધર્મ ઉપર મને શ્રદ્ધા નહીં, મારા પિતાજીને મારા આ નાસ્તિકપણાથી ખૂબ જ દુઃખ થતું. મને ઘણું સમજાવતા ત્યારે હું કહેતો કે, પિતાજી આપ મને કાંઇક ચમત્કાર બતાવો તો હું માનું.’

મારા પિતા ગંભીર ભાવે ઉત્તર આપતા કે બેટા, ‘અંતરની સ્વચ્છતા અને દુનિયાથી અલિપ્ત મન રાખી પ્રભુને સમરવાથી તે અવશ્ય પ્રાપ્ત થાય છે.’

‘હું તેમની વાતને હસી કાઢતો, પિતાજી ખૂબ જ દુઃખી થતાં.’

એકવાર હું અને મારા નાસ્તિક મિત્રો આપ જ્યારે ખંભાતમાં બિરાજમાન હતા અને વ્યાખ્યાન આપતા હતા, ત્યારે આવી ચડ્યા. તે વખતે આપ નવકાર મહામંત્ર સંબંધી વાત કરી રહ્યા હતા. આપે કહ્યું

હતું, 'નમસ્કાર એ પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર માતા છે. જીવરૂપી હંસને વિશ્રાંતિનું સ્થાન નમસ્કાર છે.

'શ્રી નવકાર મંત્રનો જાપ કરવાથી આત્માને શુભ કર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે. પૂર્વ કર્મની નિર્જરા થાય છે, લોક સ્વરૂપનું જ્ઞાન થાય છે, સુલભ બોધિપણું મળે છે; અને સર્વજ્ઞ કથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધી પુણ્યકર્મ ઉપાર્જન થાય છે.'

સાધકે એ પણ નક્કી કરી રાખવું કે મારા ઉદ્દેશની સફળતા આ જાપના પ્રભાવે જ થવાની છે.

'હું આપની વાતો સાંભળી ખૂબ જ હસ્યો અને જાવા બંદરે વેપાર અર્થે ઉપડી ગયો. આ વાત તો વિસરાઇ ગઇ.

'જાવાથી મેં ઘણો માલ હિંદ માટે ભર્યો. અમારી સફર કોઇ પણ વિઘ્ન વગર ચાલી રહી હતી. ખંભાત બંદર આંખના પલકારા જેટલું દૂર રહ્યું અને અમારા વહાણોને તોફાન નડ્યું. કિનારે આવેલી નૈયા જાણે મધ દરિયે ચાલી. અમને ખ્યાલ પણ ન હતો કે અચાનક આવું બનશે. રે અમારા વહાણો માઇલો સુધી દરિયામાં ધકેલાઇ ગયા. તોતીંગ મોજાઓ અમારા મજબુત વહાણો ઉપર પ્રહાર કરવા લાગ્યા. ઘણાય તોફાન જોયા હતા, પણ આવું નો'તું જોયું.'

'અને... અને ક્ષણવારમાં અમારા વહાણો ભાંગીને ભૂકો થઇ ગયા. અમારા નાખવા અને ખલાસીઓના હાથ કુદરત સામે લાચાર બન્યા. સાગરરાજના પ્રચંડ ઘુઘવાટે અમને બહેરા બનાવી દીધા અને અમારા ખલાસી અને નાખવા ક્યાંય અદશ્ય બની ગયાં.'

પણ...પણ... રે મારી કોઇ પૂર્વભવની પુણ્યાઇ હશે તે વહાણના એક પાટીયાને હું વળગી રહ્યો. જીવનની કોઇ આશા ન હતી. પ્યારા સાથીદારો અલોપ બન્યા હતા. વહાણોમાંનો લખલૂટ માલ પણ સાગરરાજ ગળી ગયા. અરે, જીવથી પણ વહાલા વહાણો ભાંગીને ભૂક્કો થઇ ગયા. રહ્યો માત્ર હું. અને... અને... તે વખતે મને આપનાં એ મહામંત્રનું સ્મરણ થઇ આવ્યું. હું જિંદગીમાં પહેલીવાર નાસ્તિકમાંથી આસ્તિક બન્યો. મેં એ મહામંત્રનું સ્મરણ કર્યું અને... અને... પડછંદ મોજાઓની થપાટોથી હું બેભાન બની ગયો.

જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે કિનારા ઉપર પડ્યો હતો. મને વિશ્વાસ ન આવ્યો કે હું જીવંત છું. મેં મારા ગાલો ઉપર ચુંટી ભરી, ત્યારે મને લાગ્યું કે હું જીવંત છું. તુરત મેં મહામંત્રનું ફરી સ્મરણ કર્યું. અને ત્યાંથી ચાલવા માંડ્યો. ચાલતા ચાલતાં આ ગામમાં આવી પહોંચ્યો. અહીં આવતાં સમાચાર મળ્યા કે આપ અહીં બિરાજમાન છો અને તુરત જ હું આપના ચરણોમાં આળોટવા દોડ્યો.' અને ફરી તે મુનિરાજના ચરણોમાં નમી પડ્યો. સૌ મુગ્ધ બની ગયા. મુનિરાજે કહ્યું, જોયું ને આ મહામંત્રનું તેજ. અને સૌના દિલમાં સાચી શ્રદ્ધા બેઠી. સૌએ જિનશાસનનો જયઘોષ ગજાવ્યો.

# મહામંત્રના પ્રભાવે

## પૂ. આચાર્યદેવ શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

વિદ્યાધરશ્રેણીના માલિક રત્નશિખે સાકેતપુર નગરમાં શ્રીસુયશ જિનેશ્વર ભગવંતની અમૃતસમી ધર્મદેશના સાંભળ્યા પછી કહ્યું :

भयवं! केरिसं पुण पुरा पुण्णमुवज्जियं मए जस्सफलं संपयमणुहवामि?

હે ભગવંત! પૂર્વે મેં કેવું પુણ્ય ઉપાર્જ્યું છે કે જેના ફળરૂપે મળેલી આ વિદ્યાધરની વિપુલ સંપત્તિ હું ભોગવું છું?

भगवया भणियं । -ભગવંતે કહ્યું :

नचनमुक्कारसरणनिचछयमाहप्पमिणं ।।

પંચનમસ્કાર શ્રી નવકાર મહામંત્રના સ્મરણનું નિશ્ચયથી આ માહાત્મ્ય છે. અર્થાત્ તે પૂર્વે મહાદરિદ્ર અવસ્થામાં મુનિવરોના ઉપદેશથી ત્રણ સંધ્યાએ કરેલા શ્રી નવકારના જાપનું આ નિશ્ચિત ફળ છે. વળી આ શ્રી નવકાર કેવો છે તે સાંભળ :

**भद्दयभावो भव्वो, एत्तो पावेइ सुद्धसम्मत्तं ।**

**सम्मद्दिट्ठी विरइं, विरओ सिवसंपयंपरमं ।।१।।**

શ્રી નવકાર મંત્રના પ્રભાવે-મિથ્યાદષ્ટિ જીવ સુંદર એવા ભદ્રકભાવને, ભદ્રક ભાવવાળો શુદ્ધ-નિર્મળ સમ્યકત્વને, સમ્યગ્દષ્ટિ આત્મા વિરતિભાવરૂપ ધર્મરત્નને અને વિરતિધર શીઘ્રપણે મોક્ષની અનંત સંપત્તિને પ્રાપ્ત કરે છે. (૧)

**जं पुण सुहसोहग्गं, रूवं लच्छी पहुत्तदेवत्तं ।**

**एयं पलाल कप्पं, पसंगपत्तं अणप्पं पि ।।२।।**

મુખ્ય ફળની સાથે શ્રી નવકારનું આનુષંગિક ફળ-સુખ, સૌભાગ્ય, રૂપ, લક્ષ્મી, પ્રભુત્વ અને દેવત્વ પ્રાપ્ત થાય છે. ધાન્યની સાથે ઘાસની પ્રાપ્તિતુલ્ય આ આનુષંગિક ફળ વિપુલ અને સર્વશ્રેષ્ઠ હોય છે. (૨)

**इय सव्वगुणट्ठाणगकारणमेसो महापभावोय ।**

**इहपरभव सुहजणओ पहाणमंतो नमोक्कारो ।।३।।**

આ પ્રધાનમંત્ર શ્રી નવકાર ક્રમશઃ સર્વગુણસ્થાનકોની પ્રાપ્તિનું કારણ છે, મહાપ્રભાવવાળો છે અને આલોક-પરલોકના સુખોને ઉત્પન્ન કરનારો છે. (૩)

શ્રીસુયશ જિનેશ્વરદેવના મુખકમળથી મહામહિમાશાળી શ્રી નવકારનું માહાત્મ્ય તથા પોતાનો પૂર્વભવ સાંભળી વિદ્યાધર રાજા રત્નશિખ સંસારના તુચ્છ સુખોથી વિરક્ત બન્યો. પુત્રને રાજ્યગાદી આપી શુદ્ધ સંયમની આરાધના કરી કેવળજ્ઞાન અને મોક્ષ લક્ષ્મીને પામ્યો.

**(આ.ભ. શ્રીહરિભદ્રસૂરિકૃત 'શ્રી ઉપદેશપદ મહાગ્રંથ' ટીકા સમેત, પત્ર ૪૩૨, ગાથા ૧૦૩૯).**




## પૂ. વિદ્વદ્વર્ય મુનિશ્રી જંબુવિજયજી મ.સાહેબની અમૃતવાણી

જૈન શાસનની વિરલ પ્રતિભા **પૂ. મુનિશ્રી જંબુવિજયજી મ. સાહેબ** જ્ઞાનની વિદ્યાપીઠ સમા હતા. તેમના દ્વારા જૈન સાહિત્યની વિપુલ સેવા થઇ છે. આગમશાસ્ત્રોનું સંશોધન, પરિમાર્જન અને લેખનથી તેઓ વિશ્વવિખ્યાત બન્યા હતા. વિશ્વની ૨૬ ભાષાઓ પર તેમનું પ્રભુત્વ હતું. એક યુનિવર્સિટી કરી શકે તેટલું વિશાળ જૈન સાહિત્ય કાર્ય **પૂ. મુનિશ્રી જંબુવિજયજી મ.સાહેબે** એકલા હાથે કર્યું છે. યુગો સુધી તેમનું નામ જૈન ઇતિહાસમાં અમર રહેવાનું છે. અકસ્માતે તેમનો સ્વર્ગવાસ થવાથી જૈન શાસને પોતાના સૂર્ય જેવા તેજસ્વી વિદ્વાન વિભુતિને ગુમાવ્યા છે. તેમની ખોટ કદાપિ પુરી શકાય તેમ નથી. હમણાં જ **'ગુરુવાણી ભાગ-૪'** નામનું **પૂ. શ્રી જંબુવિજયજી મ.સા.**નું સ્વાનુભવનું એક અદ્ભૂત પુસ્તક અમારા હાથમાં આવ્યું છે. જેનું સંપાદન **પૂ. સાધ્વીશ્રી જિનેન્દ્રપ્રભાશ્રીજી મ. સાહેબે** સુંદર રીતે કર્યું છે. આ પુસ્તકમાંથી કેટલુંક લખાણ **'નવકારનો રણકાર'**ના સુજ્ઞ વાચકો માટે અહીં પ્રસ્તુત કરતા અત્યંત આનંદ થાય છે.

**સ્પૃહા અને ઇચ્છા :** न दुरुक्ताय स्पृहयेत् - દુરુક્ત એટલે ખરાબ બોલવા માટે સ્પૃહા રાખવી જોઇએ નહીં. આપણી નજર આપણું મન સતત ખરાબ-કડવું બોલવા જ ટેવાયેલું... સામેની વ્યક્તિના મનને આરપાર ઉતરી જાય તેવું ધારદાર વાણી રૂપી તીર આપણે ફેંકે જ રાખીએ છીએ.

સ્પૃહા અને ઇચ્છામાં ઘણો ફેર છે. સ્પૃહા એટલે ઝંખના... પાણીની તરસ લાગે ત્યારે પાણીની સ્પૃહા કેવી તીવ્ર બની જાય છે... પછી સામે દહેરાસર હોય તોય પહેલાં પાણી પીને પછી દહેરાસરમાં જઇએ કારણ કે ત્યાં અત્યંત તીવ્ર ઝંખના છે.

આ વાક્ય ઋજુવેદનું છે. તે જણાવે છે કે માણસે ખરાબ બોલવાની સ્પૃહા રાખવી જોઇએ નહીં. જ્યારે આપણે જો આપણા જીવનને તપાસીએ તો જાણવા મળશે. આપણે સતત આ જ ઝંખનામાં પરોવાયેલા છીએ. કોઇએ આપણને એક કટુ શબ્દ કહ્યો... હવે તે શબ્દ ક્યારે તેને પાછો સંભળાવીએ. તેની ઝંખના સતત સેવતા રહીએ છીએ... તે માટે તમારે તેની દીનચર્યા પર સતત નજર રાખવી પડે... તો જ તમને તેની ભુલ દેખાય અને તમે તેના શબ્દોને સંભળાવો ત્યારે તમને શાંતિ થાય... એના બદલે હવે સારૂં બોલવાની સતત ઝંખના સેવવી જોઇએ. બસ તમારે તમારા વિચારને જરાક મોડ આપવાનો છે. બેટરીનો પ્રકાશ આ બાજુ છે તેને આ બાજુ જ ફેરવવાનો છે.

આપણી નજર સતત સામેની વ્યક્તિ પર છે કે સામેની વ્યક્તિ આવી છે... આવી છે... વગેરે બસ તે નજરને તમારે તમારા તરફ ફેરવવાની છે... હું આવો છું.. આવો છું... કોઇ પણ વસ્તુની ઝંખના જાગે ત્યારે માણસ રહી શકતો નથી. તેમ તમારે હવે ભગવાન મેળવવાની ઝંખના જગાવવાની છે. ઝંખના જાગશે તો તે અવશ્ય મળશે જ... આપણને જેસલમેર આવવાની ઝંખના હતી તો આવીને જ રહ્યાને. રસ્તામાં ગમે તેટલા કષ્ટો આવ્યા... પણ એ હસતાં-હસતાં આનંદથી પી જઇને પણ આવ્યા તો હવે પ્રભુ મિલનની ઝંખના જગાવો. તેના માટે પ્રથમ તો બે પ્રકારનું સાહસ ખેડવું પડશે.

**(૧) ભૂલનો સ્વીકાર કરવાનો.**

**(૨) સારું શીખવા માટે સામેની વ્યક્તિના ચરણમાં માથું મુકી દેવું.**

પહેલું સાહસ, માનીએ તો એકદમ ઇઝી છે અને જો માન પર્વત નડતો હોય તો ભારેમાં ભારે છે. ભૂલના સ્વીકારમાં ઘણું બધું રહેલું છે પણ માનથી અંધ બનેલાને એ દેખાતું નથી.

આજે તમે જોશો તો તમારા રોજીંદા જીવનમાં... તમને માન કેટલું હેરાન-પરેશાન કરે છે. અરે! ભૂલનો સ્વીકાર કરવો તો દૂર રહ્યો. પણ ભૂલ બતાવનાર ઉપકારી પ્રત્યે દ્વેષનો દાવાનળ સળગી ઉઠે છે... સંસાર છોડવાનું જબરજસ્ત સાહસ ખેડી લીધું... પણ માનને છોડવાનું સાહસ કરી શકતો નથી...

**શક્તિ મેળવવાની રીત :** શક્તિ ચાર વસ્તુમાંથી મળે છે.

(૧) **ખોરાક પાચનથી...** ખોરાક પચે તો જ શક્તિ મળે... માટે પચી શકે તેવો સાત્વિક ખોરાક ખાવો જોઇએ.

(૨) **મલ સાફથી...** પેટ સાફ તેનો દિવસ સાફ... પેટ પર તો જીવાદોરીનો આધાર છે... સાફ થયું કે ન થયું અંદર નાંખે જ રાખો

ગટરની જેમ... ગટરને સાફ જ ન કરો અને અંદર કચરો નાખે જ રાખો તો દુર્ગંધ ફાટી નીકળશે! પછી રોગો આવે જ... માટે પેટની ગટરને સાફ રાખો. જીભની લોલુપતાથી જે ભાવ્યું તે નાખ્યું જ એવું ન રાખો... પેટ સાફ હશે તો અંદરના બધા અંગો સાફ રહેશે. તો જ શરીરને શક્તિ મળશે.

(૩) **માનસિક શ્રમથી...** સ્વાધ્યાય, જપ વગેરેથી મનને પણ શ્રમિત બનાવવું જોઇએ. તમે જેમ જેમ કંઠસ્થ કરતા જશો તેમ તમારી કંઠસ્થ કરવાની શક્તિ વધશે. જો તમે ગોખવાનું બંધ કરી દેશો તો તમને એક ગાથા ગોખવાની પણ અઘરી લાગશે.

(૪) **શારીરિક શ્રમથી...** શરીરને પણ શ્રમ આપવો જોઇએ. યોગાસનો દ્વારા કે કસરત દ્વારા તો શરીર કસાયેલું બનશે... શ્રમથી જ શક્તિ મળે છે. આજે શરીરને સાવ તમે નકામું બનાવી દીધું છે. કામ નહીં આપીને, બેઠાડું જીવન જીવતાં સાધુ-સાધ્વીના શરીર જુઓ કેવા બેડોળ બની ગયાં છે. અને કેટલા રોગોના ઘર બની ગયાં છે.

**આરાધના વિષચક્ર પણ બની શકે :** ચોમાસું આવે એટલે ચારેબાજુ તપની બોલબાલા પણ ફક્ત બાહ્યતપ એકડા વિનાનાં મીંડા જેવો છે. અભ્યંતર તપની જ ખરેખર જરૂર છે. જીવનમાં તપની મોટી ઇમારત ચણી હોય, પણ પાયાના ગુણો ક્રોધ-માન-માયા-લોભ વગેરે ઓછા થવા જોઇએ. એમાં લેશમાત્ર ઘટાડો ન થયો તો પાયા વગર ઇમારત કેવી રીતે ટકી શકે? માસક્ષમણ કર્યું. કોઇક શાતા પૂછવા ન આવ્યું તો તરત જ મનમાં આર્તધ્યાનઅથવા તો એ વ્યક્તિ મળે તો એ તરત જ સંભળાવ્યા વિના ન રહે. તપની પાછળ માન-સન્માનની ઇચ્છા પડી હોય તો આવો તપ એકડા વગરનાં મીંડા જેવો છે. અને પછી બાહ્યતપમાં જ સંતોષ માનીને જિંદગી પૂરી કરે. અભ્યંતરમાં જાય જ નહીં. આવો તપ કર્મ તોડવાને બદલે કર્મબંધન કરનારો થાય. આ આરાધના અમૃત થવાને બદલે વિષ બની જાય અને માણસને દુર્ગતિમાં ધકેલી દે.

બીજું આપણી સાથેની વ્યક્તિએ કોઇ તપ કર્યો હોય અને કોઇ શાતા પૂછવા ન આવ્યું હોય તો આપણે તેને કહીએ કે તારો ભાઇ કે પિતા, મા કોઇ શાતા પૂછવાયે ન આવ્યું ! આવું વાક્ય પણ આપણને કર્મબંધન કરનારું થયું. કારણ કે આપણા વાક્યથી સામાને ઉદ્વેગ થવાનો.

ભગવાન મહાવીરે ૧૨ વરસ સુધી તપ કર્યું હતું. શું ક્યારેય નંદીવર્ધનને કહેવડાવ્યું હતું કે મારે આ તપનું પારણું છે તો આવજો. આ તો તપ કરે અને પછી એના વરઘોડા, ઓચ્છવો અને કંકોત્રીઓ. આજે તમે માસક્ષમણ કર્યું હોય અને સંઘવાળા કે તમારા સ્વજનો કાંઇ ન કરે તો તમે સતત આર્તધ્યાનમાં ડૂબી જઇને માસક્ષમણથી કર્મ ખપાવવાના બદલે બીજા બાંધશો.

વળી આજે કોઇક તપ ઉપાડે તો સામે તેનો સ્વજન વર્ગ અનુમોદના કરવાને બદલે કર્મ બાંધે કારણ કે તપ ઉપાડ્યો છે માટે પ્રથમ તો તેને શાતા પૂછવા જવું પડશે. બીજું ચાંલ્લો કરવો પડશે. ઘરમાં એટલી ત્રેવડ ન હોય તો તપ બીજો કરે અને ધ્રાસ્કો આને પડે.

તપ તો એવો હોવો જોઇએ કે કોઇને ખબર પણ ન પડે. આકાંક્ષા વિનાનો કેવળ આત્મશુદ્ધિ માટે જ કરવો છે, એવી ભાવનાથી યુક્ત, કોઇએ શાતા પૂછી તો ય ભલે અને ન પૂછી તોય ભલે! બાકી આજનો તપ તો વિષચક્ર બની ગયો અને એ વિષચક્રમાં જ સંતોષ માની ને આજનો આરાધક વર્ગ મનને શુદ્ધ કર્યા વગર જ પરલોક પહોંચી જાય છે.

**આજનો સાધુ તથા આજનો શ્રાવક :** પૂ. ગુરુદેવે કહ્યું કે શાસ્ત્રમાં વાત આવે છે કે વિહારની આજ્ઞા ફક્ત ગીતાર્થોને જ હતી. કોઇ પણ સાધુ એકલો વિહાર કરી જ ન શકે. કાં તો ગીતાર્થ અથવા ગીતાર્થની નિશ્રા. આ રીતે જ પહેલાંના વિહારો ચાલતા પણ આજે તો નવું જોવા મળે છે. વિહાર માટે સાધુ કે સાધ્વીની ટુકડી પડે તેમાં એક વક્તાને મૂકવો જ જોઇએ. કોઇક તો બોલનાર હોવો જ જોઇએ. વળી આજના વક્તાની વ્યાખ્યા. તેને પાટ ઠોકતા આવડવું જોઇએ, શ્રોતાઓને હસાવતાં આવડવું જોઇએ અને પૈસા ભેગા કરતાં આવડવું જોઇએ, પછી ભલે ને તે કાલનો જ દિક્ષીત હોય. સામે શ્રાવકોને પણ એવું જ જોઇએ છે. કયા મહારાજ સાહેબ વધારે લોકોને ભેગા કરી શકે તેમ છે. કયા મહારાજ વધારે બોલીઓ બોલાવીને પૈસા ભેગા કરી શકે તેમ છે. ભલે પછી તેમના ચારિત્રના ઠેકાણા હોય કે ન હોય, ભલે પછી વ્યાખ્યાનમાં તે અલીબાબા ચાલીસ ચોરની જ વાતો કરતા હોય, પણ અમારું ગામ ગાજવું જોઇએ. ઓચ્છવના નગારાં વાગવા જોઇએ. તપસ્યાઓ થવી જોઇએ. આ આજનો સાધુ અને આજનો શ્રાવક છે. આજે સારા જ્ઞાની હોય, તપસ્વી ત્યાગી-શાંત-પ્રશાંત હોય, પણ જો તે વક્તા ન હોય... અવાજ ધીમો હોય... લોકોને કે પૈસાને ભેગા કરી શકતા ન હોય તો તેને એક ખૂણામાં જ બેસી રહેવું પડે. માટે જ સમાજની પડતી ચાલુ થઇ રહી છે.

**જ્ઞાનદાતા ગુરુ તરફનું કેવું અજોડ બહુમાન :** આજે ગુરુદેવે કહ્યું કે આ ગુરૂપૂર્ણિમાએ પણ મેં મારા જ્ઞાનદાતા પંડિત વ્રજલાલભાઇને હર વખતની જેમ ૧૦૦ રૂપિયા મોકલવા કહેલું. મે પૂછ્યું કે કોણ જ્ઞાનદાતા! (તેમના શબ્દોમાં) જામનગરમાં જાની શેરીમાં આજે રહે છે. સંવત ૨૦૧૩માં અમારુ ચોમાસું જામનગરમાં હતું. હું અને પિતાજી ત્યારે મેં જાની શેરીમાં જાનકી એપાર્ટમેન્ટમાં રહેતા વ્રજલાલ પંડિત પાસે વેદાંતનો અભ્યાસ કરેલો. એ વાતને આજે ૫૧ વર્ષ થઇ ગયા. ૫૧ વર્ષથી દર પૂર્ણિમાએ એ ગુરૂદેવને યાદ કરીને ૧૦૦ રૂપિયા (જો કે આ વખતે તો ૫૦૦ રૂપિયા આપ્યા) મોકલાવું છું. અત્યારે તો હવે એ ઘણા વૃદ્ધ થઇ ગયા છે. આંખે દેખાતું પણ નથી. પણ ૫૦૦ રૂપિયા મળતાં જ બીજા

દિવસે તેમનો ફોન આવ્યો. અને તેમનો આનંદથી ભરપૂર (આટલી વેદનાઓ વચ્ચે) અવાજ ઉછળ્યો કે આટલાં આટલાં વર્ષો સુધી અખંડ ગુરુદક્ષિણા આપનાર મને યાદ કરનાર તમારા જેવા કોઇ વિરલ જ મહાપુરુષ હોય છે. ગુરૂદેવે કહ્યું કે આવા આશીર્વાદો જ માણસને ઉંચે ચડાવે છે.

**અદ્વૈતને સાધો :** શ્રી શંકરાચાર્યના વાદને ભગવાન મહાવીરે સંગ્રહ નયદ્વારા સ્વીકાર્યો છે. અમુક અંશે આપણે બધા એક છીએ. વ્યવહારનયથી જુના પણ છીએ. જો આ અદ્વૈતપણું આપણા જીવનમાં આવી જાય તો મુકામના, સંઘના અને ક્લેશો ખતમ થઇ જાય. અદ્વૈતને સાધવા માટે આપણે વિચારવું પડશે કે સામેની વ્યક્તિ મારું જ પ્રતિબિંબ છે.

આપણા ફોટા પર આપણને કેવું આકર્ષણ થાય છે. કોઇ ફોટાનો આલંબન જોતા હોઇએ, તેમાં આપણો ફોટો કેવો આવ્યો છે? કેવું ધારી ધારીને વારંવાર જોયા કરીએ છીએ. તેમ સામેની વ્યક્તિમાં સામે મારો જ ફોટો છે એમ જુઓ તો કેટલા બધા રાગ-દ્વેષો ખતમ. આ વિચારધારા જ બધા ક્લેશોને શાંત કરી દે છે. અમેરીકામાં તમે ગયા હો અને ત્યાં તમને કોઇ ભારતવાસી મળે તો કેટલો આનંદ થાય. એકતા (દેશ થકી) છે માટે. ઘરમાં, મા-પુત્ર, બેટી-પત્ની બધા પર કેવી મમતા છે. દીકરાને કંઇ થાય કે મા રડી ઉઠે! પણ આપણી એકતા જે ઘર પૂરતી જ સીમીત છે તેને વિશ્વમાં ફેલાવાની છે. ભગવાન મહાવીરે એકતાને વિશ્વવ્યાપી બનાવી હતી. બધા જ મારા છે.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ।।

ગીતામાં આ શ્લોક આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે મને સર્વત્ર જુએ છે અને મારામાં બધું જુએ છે તેનો હું નાશ કરતો નથી અને તે મારો નાશ કરતો નથી. આમ અદ્વૈતવાદને જીવનમાં સાધીશું તો જ આપણું કલ્યાણ થશે. માસક્ષમણ, આયંબિલો, ઓળીઓ, અઠ્ઠમો કરવા સહેલાં છે. પણ આ ભાવના દુર્લભ છે. આ ભાવના વિના તપ જપનું જોઇએ તેવું ફળ આપણે પામી શકતા નથી. મૂળ પાયો જ ન હોય ત્યાં ઇમારત ટકે કેવી રીતે!

**મારા દાદાના કાન સરવા છે :** પૂ. ગુરૂદેવ પાસે શંખેશ્વરની દર પૂનમે યાત્રા કરનારા હિંમતભાઇ આવ્યા. તેમણે શ્રી શત્રુંજય તીર્થના આદીશ્વર દાદાના પ્રત્યક્ષ અનુભવેલા પરચા કહ્યા. એ ભાઇના શબ્દોમાં જ : દાદાની યાત્રાએ ગયો. બપોર પછી યાત્રા કરવા ચડ્યો. પહોંચ્યો દાદાની પાસે. પૂજાની થાળી લઇને ગભારામાં પેઠો. થાળીમાં ફૂલ એકે નહીં કારણ કે માળીઓ બધા નીચે ઉતરી ગયા હતા. ગભારામાં પેસતાં જ ફૂલ પૂજાનો ભાવ જાગ્યો. મનમાં થયું કે અરે રે...! આજે તો મારે દાદાને સુંદર ફૂલોનો હાર ચઢાવવો હતો. પણ કમભાગી એવા મારી પાસે એકે ફૂલ નથી. હૈયું ગદ્ગદ્ બની ગયું. ખૂબ ભાવવિભોર બની ગયો. મનમાં ભાવ આવતાંની સાથે જ વગર બોલે દાદાએ પોતાનાં સરવા કાનથી મારી વાત જાણે સાંભળી ન હોય તેમ પાછળથી અવાજ આવ્યો ઓ શેઠ! લો આ ફૂલનો હાર દાદાને ચડાવો. મારી સાથે બીજા એક ભાઇ પણ પૂજા કરતા હતાં. હું બોલું એ પહેલાં તો એમણે કહ્યું કે ભાઇ! બોલ કેટલા રૂપિયામાં આપવો છે? ત્યાં માળી બોલ્યો કે મારે તો આ શેઠને એટલે કે 'મને' આપવાનો છે. મેં હાર લેવા હાથ લંબાવ્યો. કિંમત પૂછી? તો કહે કે ના મારે એક પણ પૈસો લેવો નથી. મેં વિચાર્યું કે હવે દાદાના દરબારમાં ક્યાં રકઝક કરું. પછી બહાર જઇને પૈસા આપી દઇશ. અત્યંત ભાવથી દાદાની પૂજા કરીને બહાર આવ્યો. માળીને ઘણો શોધ્યો. પણ ક્યાંય મળ્યો નહીં. છેક ડુંગર ઉતરતાં નીચે સુધી જોતો જોતો આવ્યો. છેવટે તખતગઢ ધર્મશાળા પાસે એક હોટલમાં એને બેઠેલો જોયો. પૈસા માટે ઘણી માથાકુટ કરી. એ કહે કે મારે એક પણ પૈસો ન ખપે. અને મને એમ કે હું મફતથી કેમ ફૂલ પૂજા કરું. છેવટે તેણે કહ્યું કે સારું એક કપ ચા પીવડાવી દો! એક પણ માળી ઉપર જોવા ક્યાંય ન મળ્યો અને અચાનક સુંદર મજાનો હાર લઇને આવે ! કેવા દાદા!

**બીજો પણ તેમનો પોતાનો જ અનુભવ :** યાત્રા કરવા ગયો હીંગળાજના હડા સુધી પહોંચ્યો અને ત્યાં એકદમ પગમાં મોટો લીલાબાવળનો કાંટો ખૂંચી ગયો. ચીસ પાડીને નીચે બેસી ગયો. પગ ઉંચો નીચો પણ ન થાય. હવે શું થશે? નહીં ઉપર ચડાય કે ન નીચે ઉતરી શકાય. મનમાં જ ભગવાનને કહ્યું કે દાદા તું કેવો છે? તેં તો મને વચમાં રાખ્યો. હીંગળાજ માને પણ કહ્યું કે મા આ છોકરાને સંભાળ! અને ત્યાં ચમત્કાર સર્જાયો. અચાનક એક ગોઠી ત્યાંથી નીકળ્યો અને તેણે હાથમાં પગ પકડીને બેઠેલો મને જોયો, જોતાંની સાથે જ ગજવામાંથી સોય કાઢીને આપી. લો શેઠ કાંટો કાઢી નાંખો. કાંટો નીકળ્યો. કેવડી મોટી શૂળ પગમાં ખૂંચી ગયેલી પણ નીકળતાની સાથે જ પગ માંડીને સડસડાટ દાદાના ગભારે પહોંચી ગયો. પગમાં જરા જેટલો પણ દુઃખાવો ન રહ્યો.

□□□

'નવકારનો રણકાર' અંગે

## શ્રી જયંતભાઇ રાહીનો સંપર્ક

**'નવકારનો રણકાર'** અંગેની કોઇપણ વિગતો માટે, અનુદાન માટે, સમાચારો, પ્રસંગો કે લેખ સામગ્રી આપશ્રી **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પણ પાઠવી શકો છો. તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**

**શ્રીપાલ, ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.** ફોન : **૨૫૨૨૬૯૫૮, ૨૫૨૮૬૭૧૬**



## યુવા જગત

સંપાદક : હિતેન શામજી છેડા
(દેશલપુર કંઠી-તારદેવ)

# જ્ઞાન દીપક પ્રગટાવો ઘર ઘરમાં, ઘટ ઘટમાં!

**પૂ. પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મહારાજ સાહેબ**

**પ્રશ્ન : તમે કોણ છો?**

જવાબ : અમે જૈન છીએ.

**પ્રશ્ન : જૈન કોને કહેવાય?**

જવાબ : શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માને તે જૈન કહેવાય.

**પ્રશ્ન : દરેક જૈને શું કરવું જોઇએ?**

જવાબ : દરેક જૈને નીચેના સાત કાર્યો અવશ્ય કરવા જોઇએ.

(૧) માતા-પિતાને પ્રણામ

(૨) ભગવાનની પૂજા

(૩) ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ

(૪) ૧૦૮ નવકારનો જાપ

(૫) સામાયિક

(૬) રાત્રિભોજનનો ત્યાગ

(૭) કંદમૂળનો ત્યાગ

**પ્રશ્ન : નવકારશીનું પચ્ચક્ખાણ એટલે શું?**

જવાબ : સવારે સૂર્ય ઉગ્યા પછી ૪૮ મિનિટ પસાર થાય ત્યાં સુધી કાંઇપણ ખાવું કે પીવું નહિ તે. ત્યારપછી પણ બેસીને મુટ્ઠીવાળીને ત્રણ નવકાર ગણીને પછી જ ખાવું કે પીવું.

**પ્રશ્ન : નવકારશીના પચ્ચક્ખાણથી શું લાભ થાય?**

જવાબ : નવકારશીનું પચ્ચક્ખાણ કરવાથી નરકમાં સો વર્ષ સુધી ભોગવવા પડતા દુઃખો દૂર થાય છે.

**પ્રશ્ન : રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ શા માટે કરવાનો?**

જવાબ : રાત્રે ખાઇએ કે કંદમૂળ ખાઇએ તો ઘણા જીવોની હિંસા થવાથી ખૂબ પાપ લાગે. નરકમાં પણ જવું પડે.

**પ્રશ્ન : નરકમાં જવાથી શું થાય?**

જવાબ : નરકમાં જવાથી ખૂબ જ દુઃખ ભોગવવું પડે. ત્યાં સુખ તો જરા ય જોવા ન મળે, દુઃખી ને દુઃખી જ રહેવું પડે.

**પ્રશ્ન : રાત્રે ન ખાઇએ તો શું પચ્ચક્ખાણ લેવાનું?**

જવાબ : સૂર્ય આથમી જાય એટલે રાત પડી ગઇ કહેવાય. ત્યારપછી કાંઇપણ ખાવાનું કે પીવાનું નહિ અને ચોવિહારનું પચ્ચક્ખાણ લેવાનું.

**પ્રશ્ન : રાત્રે તરસ લાગે અને પાણી પીવું પડે તો શું કરવું?**

જવાબ : રાત્રે પણ પાણી તો ન જ પીવાય. છતાં પીવું પડે તેમ હોય તો તિવિહારનું પચ્ચક્ખાણ લેવાનું. જ્યારે પાણી પીવું હોય ત્યારે બેસીને, મુટ્ઠી વાળીને ત્રણ નવકાર ગણીને પાણી પીવું.

**પ્રશ્ન : ભગવાનના દર્શન કર્યા વિના શું ન થાય?**

જવાબ : ભગવાનના દર્શન કર્યા વિના કાંઇપણ ખવાય કે પીવાય નહી.

**પ્રશ્ન : દેરાસરમાં પ્રવેશ કરતાં શું બોલવાનું?**

જવાબ : દેરાસરમાં પ્રવેશ કરતાં ત્રણ વાર 'નીસિહી' બોલવું.

**પ્રશ્ન : ભગવાન દેખાય ત્યારે શું કરવાનું?**

જવાબ : ભગવાન દેખાય ત્યારે, બે હાથ જોડીને, માથું નમાવીને 'નમો જિણાણં' બોલવું.

**પ્રશ્ન : ગુરુ મહારાજ સામે મળે ત્યારે શું કરવાનું?**

જવાબ : ગુરુ મહારાજ સામે મળે ત્યારે બે હાથ જોડીને, માથું નમાવીને 'મત્થ એણ વંદામિ' કહેવું.

**પ્રશ્ન : કંદમૂળ કોને કહેવાય?**

જવાબ : એક જ શરીરમાં અનંતા જીવો જેમાં હોય તેને કંદમૂળ કહેવાય. કાંદા, બટાકા, શક્કરીયા, ગાજર, મૂળા, આદુ, લસણ વગેરે કંદમૂળમાં ગણાય. તે ન ખવાય.

**પ્રશ્ન : નવકારમંત્રનું સ્મરણ ક્યારે કરવાનું?**

જવાબ : સૂતા, બેસતાં, જાગતાં, ઉઠતાં, ચાલતાં, ફરતાં... વગેરે દરેક કાર્ય કરતાં નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઇએ.

□□□



# માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ પરિવાર દ્વારા ભાંડુપમાં યોજાયેલ શ્રી જયંતભાઇ 'રાહી'ના નવકાર જાપ સાનંદ સંપન્ન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ અને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ-ભાંડુપ દ્વારા **માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ (સાંધવ-ભાંડુપ)ના આત્મશ્રેયાર્થે** રવિવાર, તા. ૨૫-૮-૨૦૧૩ના સવારના ૮.૩૦ કલાકે ભાંડુપ (વેસ્ટ)ના એલ.બી.એસ. માર્ગ પરના શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં નવકારના પરમોપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના **નવકાર જાપ અનુષ્ઠાન**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે **પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા., પૂ. સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા તેમજ તપાગચ્છના તથા પાર્શ્વચંદ્રગચ્છના પૂ. સાધ્વી ભગવંતો સહ મોટી સંખ્યામાં આરાધકો પધાર્યા હતા.

અહીંના શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ ઉપસ્થિત વિશાળ સમુદાયને ભાવપૂર્વક નવકાર જાપ કરાવ્યા હતા. આ નવકાર જાપમાં તેમણે વચ્ચે વચ્ચે સુંદર ભક્તિ ગીતો પ્રસ્તુત કરીને સર્વ આરાધકોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

આ નવકાર જાપના ત્રીજા ચરણ પછી **પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.**નું માંગલિક પ્રવચન થયું હતું. કે.ડી.ઓ. અગ્રણી **શ્રી કુમારભાઇ દંડે** સ્વાગત પ્રવચન કરવાની સાથે નવા વર્ષથી ભાંડુપમાં આજ પવિત્ર જગ્યામાં દર મહિને શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપ યોજવા માટે શ્રી 'રાહી' સાહેબને વિનંતી કરી હતી. બીએમપીપીના ઉપપ્રમુખ **શ્રી સોમચંદભાઇ લોડાયા**એ પોતાના પ્રવચનમાં બીએમપીપીના સમ્યક્ કાર્યોની રૂપરેખા આપવાની સાથે શ્રી 'રાહી' સાહેબ દ્વારા ચાલતા સાધર્મિક-ઉત્કર્ષ અભિયાનનો પરિચય આપ્યો હતો. તેમજ પૂજ્ય 'રાહી' સાહેબને ભાંડુપમાં નવકાર જાપ શરૂ કરવાની વિનંતી સ્વીકારવા આગ્રહભરી વિનંતી કરી હતી. શ્રી 'રાહી' સાહેબના શિષ્ય **ભરતભાઇ શાહે** પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં અહી ભાંડુપમાં દર મહિને શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપ થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે પૂ. શ્રી 'રાહી' સાહેબનું તિલક કરી **દાતા પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન નરશી ચત્રભૂજ દંડ પરિવાર (સાંધવ-ભાંડુપ)** દ્વારા તેમજ કે.ડી.ઓ. અગ્રણીઓ દ્વારા અભિવાદન કરાયું હતું.

આ પ્રસંગે અ.ભા. અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખ અને દાતા પરિવારના અગ્રણી **શ્રી શામજીભાઇ નરશી દંડ** (સાંધવ-મુલુન્ડ), ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના અગ્રણી **શ્રી નયનભાઇ ભેદા, ચેતનભાઇ મોતા, કવિશ્રી લહેરચંદભાઇ મૈશેરી** સહ અનેક અગ્રણીઓની નેત્રદીપક ઉપસ્થિતિ હતી. આ નવકાર જાપમાં ૧લા માળનો વિશાળ સભાગૃહ ખીચોખીચ ભરાઇ જતા નીચેની એ.સી. રૂમમાં એલસીડીની વ્યવસ્થા દ્વારા લોકોએ ત્યાં બેસીને પણ આ નવકાર જાપ કર્યા હતા. સવારના નવથી બપોરના દોઢ સુધી સતત સાડા ચાર કલાક ચાલેલા આ અદ્ભૂત નવકાર જાપમાં એક પણ વ્યક્તિએ ઉઠવાનું નામ લીધુ ન હતું. આ અવસરે દાતા પરિવાર તરફથી રૂા. ૩૧૦૦૦/-નું અનુદાન શ્રી 'રાહી' સાહેબના સાધર્મિક ભક્તિના સમ્યક્ કાર્ય માટે અર્પણ થયું હતું. આ નવકાર જાપની પૂર્ણાહુતિ બાદ દાતા પરિવાર દ્વારા યોજાયેલ શ્રી સંઘ સ્વામીવાત્સલ્યનો સર્વ આરાધકોએ લાભ લીધો હતો.

અનેક રીતે વિરલ અને વિશિષ્ટ એવા આ નવકાર જાપની ફલશ્રુતિ એ રહી કે અહીંના સંઘ અગ્રણી **શ્રી કુમારભાઇ દંડ** સહ વિશાળ સમુદાયે **આગામી નવા વર્ષથી અહીં ભાંડુપમાં આજ સ્થળે દર મહિને પૂ. શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપ યોજાય તેવી વિનંતી કરતા અને શ્રી 'રાહી' સાહેબે અહીંના લોકોની નવકાર નિષ્ઠા જોતાં તેમની માગણી સ્વીકારતા અહીંની સમગ્ર જૈન આલમમાં ખુશી અને હર્ષનું મોજું ફરી વળ્યું હતું.** સં. ૨૦૭૦ના કારતક મહિનાથી અહીં ભાંડુપમાં આ નવકાર જાપનો શુભારંભ થવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. **નવા વર્ષથી શરૂ થનારા ભાંડુપના આ પાંચમા નવકાર જાપ કેન્દ્રના કાર્યક્રમની સૂચિ આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે.**

**- સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા-મુલુન્ડ)**

# આપના જીવનને મંગલમય બનાવનાર શ્રી ગજલક્ષ્મી માતાની પૂજનની વિધિ

શ્રી ગજલક્ષ્મી પૂજન શું છે? તે કંઇ રીતે થઇ શકે? અને તેનાથી શું લાભ થાય તેની માહિતી અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

**પૂ. ગુરુદેવશ્રી 'રાહી' સાહેબ** કહે છે કે પાંચમા આરાનો આ ભયંકર વિષમકાળ છે. આ સમયે મંદી, માંદગી અને મોંઘવારીએ સમગ્ર માનવજાતને પરેશાન કરી મૂકી છે. લોકોની શાંતિ હરાઇ ગઇ છે. ચહેરા પરનું હાસ્ય અદશ્ય થઇ ગયું છે અને માનસિક તનાવનું પ્રમાણ ભયજનક રીતે વધતું ચાલ્યું છે. આવી વિકટ સ્થિતિમાં નવકાર જાપ સાથેનું મા ગજલક્ષ્મીનું આ અનુષ્ઠાન ઘર-ઘરમાં ચમત્કાર સર્જી શકે છે. **પ્રત્યેક મહિને પુષ્ય નક્ષત્રમાં સવારે ૯ વાગે મા ગજલક્ષ્મીનું પૂજન કરી તેની સાથે ૧૦૮ નવકાર મંત્રનો જાપ કરવાથી તમારી સઘળી અશાંતિ દૂર થશે.** રિદ્ધિ-સિદ્ધિના સમીકરણો રચાશે. જીવનનો સર્વાંગી વિકાસ થશે. નોકરી-ધંધામાં વૃદ્ધિ, શક્તિ અને સામર્થ્ય વધશે. આર્થિક, ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ થશે. અનેક દોષો અને અનિષ્ટોથી શીઘ્ર મુક્તિ મળશે. પનોતી, અશુભ કાળ, કુંડળી દોષ, ભૂતપ્રેત-પિશાચ દોષ, પિતૃદોષ, વાસ્તુદોષ, અકારણ ભય, ગ્રહણ યોગ, વિષયોગ, ચાંડાલ યોગ વગેરે અનેક વિટંબણાઓ દૂર થશે. ઘર-કુટુંબમાં આનંદમંગલ પ્રવર્તશે.

**જાપ કરવાની વિધિ :** નવકાર મંત્રના જાપ સાથે મા ગજલક્ષ્મીજીનું પૂજન કરવા માટે શ્રી ગજલક્ષ્મી માતાનો ફોટો અને તે ન હોય તો શ્રી લક્ષ્મીજી માતાના ચાંદીના સિક્કાથી આ પૂજન કરી શકાશે. આ જાપ કરતા પહેલા ભૂમિ સ્વચ્છ કરી બાજોઠ કે પાટલા પર પીળા રંગનું કપડું મૂકવું. ગુલાબની પાંખડીઓ પાટલા પર મૂકી તેના પર થાળી મૂકવી. ધૂપ-દીપ પ્રગટાવી થાળીમાં શ્રી ગજલક્ષ્મીજી કે મહાલક્ષ્મીજીનો સિક્કો અથવા યંત્ર પધરાવવું. ત્યારબાદ ૧૦૮ વાર મા ગજલક્ષ્મીજીનો મંત્રઃ

**ॐ ह्रीं ऐं क्लीं श्री गजलक्ष्मी देव्यैभ्यो नमः ।**
**मम मनोवांछित पूरय पूरय स्वाहा ।।**

સ્પષ્ટ ઉચ્ચારે બોલીને મા ગજલક્ષ્મીજીનું વાસક્ષેપથી પૂજન કરવું. જાપની પૂર્ણાહુતિ બાદ પીળા રંગનું ફળ-ફૂલ અને નૈવેદ્ય ધરાવવું. એ પછી ૧૦૮ વાર નવકાર મંત્ર (બાંધી નવકારવાળી) ગણી મા ગજલક્ષ્મીજીનું ઉત્થાપન કરી શીષ નમાવી ભાવથી માને યોગ્ય સ્થાને પધરાવવા. યંત્ર ઉપર ચઢાવેલ વાસક્ષેપ ભેગો કરી ઘર, દુકાન કે ઓફિસના મુખ્ય દ્વારના બારસાખની ઉપરની બાજુએ તથા દિવાલના ચારે ખૂણે આ વાસક્ષેપનો છંટકાવ કરવો. આ પૂજનમાં માતાજીને ધરાવેલ ફળ-નિવેદ કોઇપણ માતાજીના મંદિરમાં પધરાવી આવવું.

નવકાર મંત્રના જાપ સાથેનું મા ગજલક્ષ્મીજીનું આ મહિમાશીલ પૂજન તમારા દુઃખ હરશે, સુખ અર્પશે અને તમારી સર્વ આધિ-વ્યાધિ-ઉપાધિને નષ્ટ કરી તમારા ચિત્તમાં પરમ આનંદ અને પ્રસન્નતાની જ્યોત પ્રગટાવશે. તેથી જ દર મહિને પુષ્ય નક્ષત્રના દિવસે આ લેખમાં બતાવેલ વિધિ પ્રમાણે આ પૂજન કરીને તમે તમારા જીવનને સફળ અને સાર્થક બનાવી શકશો.

શ્રી ગજલક્ષ્મી માતાના પૂજનની વિશેષ માહિતી માટે (૧) **શ્રી જયંતભાઇ 'રાહી'** ફોન : ૨૫૨૨૬૯૫૮ અને **શ્રી સોમચંદ લોડાયા** મોબાઇલ-૯૩૨૨૨૭૫૪૪૦નો સંપર્ક સાધી શકો છો.

**- સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા-મુલુન્ડ)**

## સં. ૨૦૭૦ના વર્ષમાં આવતા પુષ્ય નક્ષત્રની માહિતી

| તારીખ | વાર | પુષ્ય નક્ષત્રનો પ્રારંભ | પુષ્ય નક્ષત્રની સમાપ્તિ | સમય |
|---|---|---|---|---|
| ૨૨-૧૧-૨૦૧૩ | શુક્રવાર | ૦૦-૧૦ | ૨૩-૧૧-૨૦૧૩ | ૦૩-૦૮ |
| ૨૦-૧૨-૨૦૧૩ | શુક્રવાર | ૦૭-૦૨ | ૨૧-૧૨-૨૦૧૩ | ૧૦-૦૦ |
| ૧૬-૦૧-૨૦૧૪ | ગુરુવાર | ૧૩-૧૫ | ૧૭-૦૧-૨૦૧૪ | ૧૬-૧૦ |
| ૧૨-૦૨-૨૦૧૪ | બુધવાર | ૧૯-૩૦ | ૧૩-૦૨-૨૦૧૪ | ૨૨-૨૩ |
| ૧૨-૦૩-૨૦૧૪ | બુધવાર | ૧૯-૩૦ | ૧૩-૦૩-૨૦૧૪ | ૨૨-૨૩ |
| ૦૮-૦૪-૨૦૧૪ | મંગળવાર | ૧૦-૦૫ | ૦૯-૦૪-૨૦૧૪ | ૧૩-૦૧ |
| ૦૫-૦૫-૨૦૧૪ | સોમવાર | ૧૮-૧૨ | ૦૬-૦૫-૨૦૧૪ | ૨૧-૦૬ |
| ૦૨-૦૬-૨૦૧૪ | સોમવાર | ૦૨-૦૦ | ૦૩-૦૬-૨૦૧૪ | ૦૪-૫૨ |
| ૨૯-૦૬-૨૦૧૪ | રવિવાર | ૦૯-૦૦ | ૩૦-૦૬-૨૦૧૪ | ૧૧-૫૨ |
| ૨૬-૦૭-૨૦૧૪ | શનિવાર | ૧૫-૧૧ | ૨૭-૦૭-૨૦૧૪ | ૧૮-૦૫ |
| ૨૨-૦૮-૨૦૧૪ | શુક્રવાર | ૨૧-૦૫ | ૨૪-૦૮-૨૦૧૪ | ૦૦-૦૩ |
| ૧૯-૦૯-૨૦૧૪ | શુક્રવાર | ૦૩-૨૬ | ૨૦-૦૯-૨૦૧૪ | ૦૬-૨૪ |
| ૧૬-૧૦-૨૦૧૪ | ગુરુવાર | ૧૦-૪૮ | ૧૭-૧૦-૨૦૧૪ | ૧૩-૩૮ |



# માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ પરિવાર દ્વારા ભાંડુપમાં યોજાયેલ શ્રી જયંતભાઈ 'રાહી'ના નવકાર જાપની તસ્વીરી ઝલક



















(૧) પૂ. શ્રી જયંતભાઈ 'રાહી' નવકાર જાપ કરાવી રહ્યા છે. (૨) પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ. સાહેબ માંગલિક પ્રવચન આપી રહ્યા છે. (૩) નવકાર જાપમાં પધારેલ પૂ. સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. સહ સાધ્વીગણ સાથે વિશાળ સંખ્યામાં આરાધકો. (૪) શ્રી 'રાહી' સાહેબનું તિલક કરી સન્માન કરી રહેલ શ્રી રાયચંદ નરશી દંડ. (૫) દાતા પરિવારના શ્રી લક્ષ્મીચંદ નરશી દંડનું સન્માન કરી રહેલા બીએમપીપીના ઉપપ્રમુખ શ્રી સોમચંદભાઈ લોડાયા. (૬) દાતા પરિવારના શ્રી રાયચંદભાઈ દંડ અને શ્રી શામજીભાઈ દંડ નવકાર જાપ કરી રહ્યા છે.

શુભેચ્છક

શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઈ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫



## નવકાર મંત્રના પરમોપાસક પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવારના સહયોગથી શ્રી ચીમનલાલ કલાધરના જૈન સાહિત્ય મંદિર - ડોંબીવલીના લાભાર્થે પ્રગટ થઇ રહ્યો છે એક અદ્ભૂત ગ્રંથ

# નવકારના અજવાળા

**(નવકાર મંત્રના પ્રભાવ અને પ્રતાપની અનેક અદ્ભૂત સત્ય ઘટનાઓ પ્રસ્તુત કરતો એક અદ્ભૂત ગ્રંથ)**

**શ્રી ચીમનલાલ કલાધર** જૈન ધર્મના અભ્યાસી લેખક છે. લેખન અને પત્રકારત્વ ક્ષેત્રે તેમનું ઘણું મોટું યોગદાન છે. નવકારનો મહિમા ઘર ઘરમાં પ્રસારિત કરતાં **'નવકારનો રણકાર'**ના તેઓ અભ્યાસી તંત્રી છે. છેલ્લા થોડા વર્ષોથી તેઓ જૈન સાહિત્ય મંદિરના નેજા હેઠળ જૈન સાહિત્યના પ્રકાશનોનું કાર્ય કરી રહ્યા છે. નવકારના પરમ સાધક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી તેઓ **'નવકારના અજવાળા'** નામનો નવકારનો મહિમા ગાતો **૨૫૦ પૃષ્ઠનો એક દળદાર ગ્રંથ** પ્રગટ કરવાની તૈયારી કરી રહ્યા છે. **'નવકારના અજવાળા'** નામના આ અદ્ભૂત ગ્રંથમાં આ કલિકાલમાં નવકાર મંત્રનો અચિંત્ય પ્રભાવ અને પ્રતાપની અકલ્પનીય અસંખ્ય ઘટનાઓનું સુંદર નિરૂપણ કરવામાં આવશે. નવકાર પ્રભાવનો મહિમા દર્શાવતું આ સર્વગ્રાહી પ્રકાશન સર્વ પ્રથમવાર પ્રગટ થઇ રહ્યું છે.

આ પ્રકાશનના ખર્ચને પહોંચી વળવા આપશ્રી આ પ્રકાશનના સૌજન્યદાતા બની આ સમ્યક્ કાર્યને આપનો ઉષ્માભર્યો સહયોગ આપશો એવી નમ્ર વિનંતી છે.

અનેક રીતે વિરલ અને વિશિષ્ટ બની રહેનારા **'નવકારના અજવાળા'** નામના આ ગ્રંથની ૫૦૦૦ નકલ પ્રગટ કરવામાં આવશે. જે પૂજ્ય પદસ્થ સાધુ-સાધ્વી ભગવંતોને, નવકારના આરાધકોને, વિદ્વાનોને, અગ્રણી મહાનુભાવોને અને પુસ્તકાલયોને ભેટ આપવામાં આવશે. નવકારમંત્રના મહિમાનો ઉઘાડ કરતા આ અદ્ભૂત પ્રકાશનને આપનો પ્રેમસભર સાથ-સહકાર અવશ્ય મળશે જ તેવી અમને શ્રદ્ધા છે.

**- માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**

## આપના ઉદાર સહયોગની અપેક્ષા

રૂપિયા બે હજારના પેજ સૌજન્યદાતા તરીકે આપનું શુભ નામ નોંધાવી **'નવકારના અજવાળા'**ના પ્રકાશનમાં સહયોગ આપવા વિનંતી છે.

## -: સંપર્ક સૂત્ર :-

- **જયંતભાઇ 'રાહી'** ફોન : ૨૫૨૨૬૯૫૮
- **સોમચંદભાઇ લોડાયા** મો. ૯૩૨૨૨૭૫૪૪૦
- **સુરેશભાઇ ગોગરી** મો. ૯૮૨૧૦૨૫૫૬૯
- **દલપતભાઇ મહેશા** મો. ૯૮૨૦૨૯૮૩૨૯
- **હિતેનભાઇ છેડા** મો. ૯૮૯૨૯૬૩૫૪૫
- **સુનિલભાઇ વોરા** મો. ૯૩૨૩૩૧૦૧૮૭
- **રમેશભાઇ સોની** મો. ૯૮૬૭૭૯૬૯૮૮
- **ધનરાજભાઇ સંગોઇ** મો. ૯૮૬૯૫૨૪૪૩૮
- **દીનાબેન છેડા** મો. ૯૩૨૨૮૪૫૨૭૩
- **ચીમનભાઇ કલાધર** - મો. ૯૮૧૯૬૪૬૫૩૩

મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની, ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩
મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ્, ઘાટકોપર (ઇ), મુંબઇ-૪૦૦૦૭૭. ફોનઃ ૯૭૬૯૭૯૧૯૯૦. E-mail: rajul.arts@yahoo.com